

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 171
Dt.: 27-04-2026,
Monday
Page:04
Rs.00.50 paisa

### સરેરાશ ૫૭.૦૮% જેટલું મતદાન નોંધાયું

# રાજ્યમાં શાંતિપૂર્ણ માહોલમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું મતદાન પૂર્ણ

## મેદાનમાં ઉતરેલા ૨૫ હજારથી વધુ ઉમેદવારોનું રાજકીય ભાવિ હવે ઈવીએમમાં કેદ થયું: ૨૮ એપ્રિલે મતગણતરી હાથ ધરવામાં આવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગુજરાતમાં આગામી વિધાનસભા ચૂંટણી અગાઉ સેમિફાઈનલ સમાન સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું આજે(૨૬ એપ્રિલ) સામાન્ય છમકલાં બાદ કરતા મતદાન શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થયું છે, જેમાં રાજ્યભરના મતદારોએ મધ્યમ પ્રતિસાદ આપ્યો છે. સવારે ૯ વાગ્યા સુધી મતદાનની ગતિ ધીમી રહી હતી, પરંતુ સાંજ પડતા સુધીમાં સરેરાશ ૫૭.૦૮% જેટલું મતદાન નોંધાયું છે. ગરમીના પ્રકોપને કારણે બપોરે ૧૨ થી ૪ વાગ્યા દરમિયાન મતદાન મથકો પર પાંખી હાજરી જોવા મળી હતી, પરંતુ ત્યારબાદ અંતિમ કલાકોમાં મતદારોનો ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આ ચૂંટણીમાં ૧૫ મહાનગરપાલિકાઓમાં ૪૯% અને નગરપાલિકાઓમાં ૫૯% મતદાન થયું છે, જ્યારે જિલ્લા અને તાલુકા પંચાયતોમાં ગ્રામીણ મતદારોના જોરને કારણે સૌથી વધુ ૬૧% જેટલું મતદાન નોંધાયું છે. મતદાન પ્રક્રિયા પૂર્ણ થતાં જ તમામ મતદાન મથકો પર ઈવીએમ મશીનોને નિયમ મુજબ સીલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ચૂંટણી આયોગના નિર્દેશો અનુસાર મતદાન પૂર્ણ થયા બાદ પ્રિસાઈડિંગ ઓફિસર અને સ્ટાફ દ્વારા ઈવીએમ મશીનોને સીલ કરી જરૂરી દસ્તાવેજી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. આ સમગ્ર કામગીરી પોલીસ તથા અન્ય સુરક્ષા દળોની કડક હાજરી અને દેખરેખ હેઠળ પાર પાડવામાં આવી હતી. ત્યારબાદ સીલ કરાયેલા ઈવીએમ મશીનોને નિર્ધારિત સ્ટ્રોંગ રૂમ તથા કલેકશન સેન્ટરો ખાતે સુરક્ષિત રીતે પહોંચાડવા માટે વ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું હતું. દરેક મતદાન મથક પરથી મશીનોને સુનિશ્ચિત માર્ગદર્શિકા મુજબ જ સેન્ટરો સુધી પહોંચાડવામાં આવ્યા હતા. ચૂંટણી દરમિયાન જિલ્લાભરમાં કડક બંદોબસ્ત વચ્ચે શાંતિપૂર્ણ માહોલ રહ્યો હતો અને કોઈ અનિચ્છનીય બનાવ સામે આવ્યો નહોતો. મતદાનથી લઈને ઈવીએમ સીલિંગ અને પરિવહનની સમગ્ર પ્રક્રિયા સુચારુ અને સફળ રીતે પૂર્ણ થઈ હતી.

રાજ્યની અંદાજે ૧૦ હજાર બેઠકો માટે મેદાનમાં ઉતરેલા ૨૫ હજારથી વધુ ઉમેદવારોનું રાજકીય ભાવિ હવે ઈવીએમ (EVM) મશીનોમાં કેદ થઈ ગયું છે. વહીવટી તંત્ર દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે સમગ્ર પ્રક્રિયા કોઈ પણ અનિચ્છનીય બનાવ વગર પાર પાડવામાં આવી છે. હવે સૌની નજર ૨૮ એપ્રિલ પર ટકેલી છે, જ્યારે મતગણતરી હાથ ધરવામાં આવશે અને ઉમેદવારોના ભાગ્યનો ફેંસલો જાહેર થશે. સ્થાનિક પ્રશ્નો અને વિકાસના મુદ્દાઓ પર થયેલા આ જંગમાં જનતાએ કોના પર મહોર મારી છે, તે જોવું રસપ્રદ રહેશે.

- ૧૫ મહાનગર પાલિકાઓમાં ૪૯% મતદાન
- ૮૪ નગરપાલિકાઓમાં ૫૯% મતદાન
- ૩૪ જિલ્લા પંચાયતોમાં ૬૧% મતદાન
- ૨૬૦ તાલુકા પંચાયતોમાં સૌથી વધુ ૬૧% જેટલું મતદાન

વડોદરાના મકરપુરા વિસ્તારમાં આવેલી લાલ બહાદુર શાસ્ત્રી વિદ્યાલયના બૂથ નંબર ૪૩ પર મતદાન દરમિયાન ભારે હોબાળો થયો હતો. આમ આદમી પાર્ટીના ઉમેદવારે આક્ષેપ કર્યો હતો કે, EVM મશીનનું ૧૨ નંબરનું બટન ખામીયુક્ત છે અને ફરિયાદ છતાં તંત્ર દ્વારા મશીન બદલવામાં આવ્યું નથી. આ ઉપરાંત, ચૂંટણી ફરજ પરના કર્મચારીઓ ભાજપની નોટબુકનો ઉપયોગ કરી રહ્યા હોવાનું જણાવી આચારસંહિતા ભંગના પણ ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હતા. 'આપ'ના ઉમેદવારે તંત્રની નિષ્પક્ષતા સામે સવાલ ઉઠાવતા આ મામલે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવાની તજવીજ હાથ ધરી છે.

જામનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત આજે સાંજે છ વાગ્યે મતદાન પ્રક્રિયા પૂર્ણ થતાં જ તમામ મતદાન મથકો પર ઈવીએમ મશીનોને નિયમ મુજબ સીલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ રીતે જામનગર જિલ્લામાં લોકશાહી પર્વની સમગ્ર પ્રક્રિયા સંપૂર્ણ શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત રીતે પાર પડી હોવાનું જિલ્લા તંત્ર દ્વારા નોંધાયું છે.

ગુજરાતમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં સાંજે ૬ વાગ્યા સુધીમાં મધ્યમ મતદાન જોવા મળ્યું છે, જેમાં રાજ્યનું સરેરાશ મતદાન ૫૭% નોંધાયું છે. સવારે ૯ વાગ્યે જે મતદાન માત્ર ૪% થી ૭% ની આસપાસ હતું, તે બપોરે ૧ વાગ્યા સુધીમાં ૨૦% થી ૩૦% પર પહોંચ્યું અને અંતિમ કલાકોમાં મતદારોએ ભારે ઉત્સાહ બતાવતા આંકડો ૫૭% ને પાર કરી ગયો છે. હવે તમામ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં કેદ થયા છે. જણાવી દઈએ કે, ભારે ગરમીના કારણે બપોરે ૧૨થી ૪ વાગ્યા સુધીમાં મતદાન ઓછું થયું છે.

સુરત પાલિકાની ચૂંટણીમાં અન્ય લોકો સાથે સંતો દ્વારા પણ મતદાન કરી પોતાની પવિત્ર હક્ક નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સુરતના વેડરોડ ખાતે આવેલા ગુરુકુળ સ્વામી સંતોએ મતદાન મથક પર જઈને પોતાના મતાધિકારનો ઉપયોગ કરી મત આપ્યા હતા.

જામનગર મહાનગર પાલિકાની ચૂંટણીના માહોલ વચ્ચે એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે, જેમાં વોર્ડ નંબર-૩ના આમ આદમી પાર્ટીના ઉમેદવાર નરેન્દ્રસિંહ જાડેજાનું હાર્ટ એટેકને કારણે અવસાન થયું છે. ગઈકાલે તબિયત લથડતા તેમને સારવાર આપવામાં આવી હતી, પરંતુ આજે ફરીથી છાતીમાં દુખાવો ઉપડતા માત્ર ૩૮ વર્ષની નાની વયે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. આ આકસ્મિક નિધનને પગલે સ્થાનિક રાજકીય વર્તુળોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે.

આણંદ જિલ્લાના પેટલાદમાં ચૂંટણી પ્રક્રિયા દરમિયાન એક કરુણ ઘટના બની હતી, જેમાં ચૂંટણીની ફરજ પર તૈનાત પોલિંગ સ્ટાફના કર્મચારી અમિતભાઈ સોલંકીનું હાર્ટ એટેક આવવાને કારણે મોત થયું હતું. સાંસેજ ગામે બુથ નંબર - ૧ પરના મતદાન મથક પર કામગીરી દરમિયાન અચાનક તબિયત બગડતા તેમને તાત્કાલિક સારવાર માટે તારાપુર સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. લોકશાહીના પર્વમાં પોતાની ફરજ બજાવતા કર્મચારીના અચાનક અવસાનથી સાથી કર્મચારીઓ અને પરિવારમાં શોકની લાગણી ફરી વળી છે.પાટણની બી.એમ. સ્કૂલ ખાતે આવેલા મતદાન કેન્દ્ર પર ૬૫ વર્ષીય કમળાબેન સોલંકી નામની વૃદ્ધાનું મતદાન કરવા દરમિયાન હાર્ટ એટેક આવવાથી દુખદ અવસાન થયું છે. મતદાન મથકે પહોંચતા જ તેઓ અચાનક ઢળી પડ્યા હતા, જ્યાં હાજર મેડિકલ ટીમે તેમને પ્રાથમિક સારવાર આપી તાત્કાલિક હોસ્પિટલ ખસેડ્યા હતા, પરંતુ ટૂંકી સારવાર બાદ તેમનું નિધન થયું હતું. અગાઉથી નાજુક તબિયત હોવા છતાં રાષ્ટ્ર પ્રત્યેની ફરજ નિભાવવા આવેલા વૃદ્ધાના આ આકસ્મિક મૃત્યુથી મતદાન કેન્દ્ર પર શોકનું મોજું ફરી વળ્યું હતું.

નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકાના ફુલસર-દૂથર ગામે રસ્તાના પ્રશ્ને ગ્રામજનોએ કરેલો ચૂંટણી બહિષ્કાર AAP ધારાસભ્ય ચૈતર વસાવાની મધ્યસ્થી બાદ અંતે સમેટાયો છે. ફુલસરથી દૂથર સુધીનો મંજૂર થયેલો ડામર રોડ વન વિભાગ દ્વારા વાઈલ્ડલાઈફ ક્લિયરન્સના અભાવે અટકાવી દેવાતા રોષે ભરાયેલા ગ્રામજનોએ મતદાન ન કરવાનો નિર્ણય લીધો હતો. આ ઘટનાની જાણ થતા જ ધારાસભ્ય ચૈતર વસાવા તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા અને વહીવટી તંત્રના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. માર્ગ અને મકાન વિભાગ તેમજ વન વિભાગના અધિકારીઓએ લેખિતમાં બાંહેધરી આપી હતી કે, જરૂરી મંજૂરીઓ મેળવી આગામી એક મહિનામાં રસ્તાની કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

તંત્ર તરફથી લેખિત ખાતરી મળતા ગ્રામજનોએ આખરે મતદાન શરૂ કર્યું હતું, જેનાથી રાજપીપળા પંથકમાં ચૂંટણીના દિવસે સર્જાયેલો ગંભીર વિવાદ ઉકેલાયો હતો. અમદાવાદની જેમ કચ્છ જિલ્લામાં પણ ચૂંટણી તંત્રની બેદરકારી સામે આવી છે. અહીં ભુજ શહેરના મતદારોએ બુથ શોધવા ફાંફા મારવા પડી ગયા હતા. સ્પષ્ટ માહિતીના અભાવે આવી હાલત થઈ હતી.

યાદીમાં નામ હોવા છતાં મતદાન મથકની યોગ્ય વિગતો ન હોવાથી મતદારોમાં રોષ દેખાયો. અમદાવાદના ખોખરામાં પણ એક ચોંકાવનારી ઘટના બની હતી. મતદારો જ્યારે ત્યાં મતદાન કરવા પહોંચ્યા તો તેમણે ખબર પડી કે તેમના પોલિંગ બુથના સ્થળ બદલી નખાયા છે. જેના કારણે ઘણા લોકો મતદાન કર્યા વિના રહી ગયા હતા. મતદારોને આ વિશે જાણકારી અપાઈ જ નહોતી. જેને લઈને ફરિયાદો પણ નોંધાઈ છે.

રાજકોટમાં ચાલુ મતદાન વચ્ચે એક ચોંકાવનારી ઘટના બની હતી. અહીં કોંગ્રેસ ઉમેદવાર મકબુલ દાવદાણી સહિત ૨૦ લોકોની અટકાયત કરી લેવામાં આવી હતી. આ લોકો પર આરોપ હતો કે તેઓ ચાલુ મતદાન વચ્ચે મતદાન બુથથી ૧૦૦ મીટરની અંદર પ્રચાર કરી રહ્યા હતા. હાલમાં આ મામલો થોરાળ પોલીસ સ્ટેશને પહોંચ્યો છે.

મળતી માહિતી અનુસાર અમદાવાદના વાસણા વિસ્તારમાં આવેલી જી બી શાહ કોલેજમાં મતદાન મથકે ઈવીએમમાં ગરબડ થયાની માહિતી સામે આવી હતી. કોંગ્રેસના ઉમેદવારોનું બટન જ દબાવાતું નથી તેવી ફરિયાદો મળી છે. જેને લઈને લેખિતમાં ફરિયાદ પણ કરાઈ છે. જોકે ફરિયાદ બાદ ઈવીએમ બદલાયાની માહિતી સામે આવી છે.

મહેસાણા જિલ્લાના દેલા ગામમાં સ્થાનિકોએ ચૂંટણીનો બહિષ્કાર કરી દીધો છે. તેમનું કહેવું છે કે મહાનગરપાલિકામાં સમાવેશ અને જમીન બચાવવા મુદ્દે અમે આ બહિષ્કાર કરી રહ્યા છીએ. બે કલાકથી મતદાન શરૂ થઈ ગયું છતાં હજુ કોઈ મતદાન કરવા આવ્યું નથી.

રાજકોટના વોર્ડ નંબર ૧૫માં આવેલી સરસ્વતી શિશુ વિદ્યામંદિર સ્કૂલ ખાતે વહેલી સવારથી EVM મશીન બંધ રહેતા મતદારોની લાંબી કતારો લાગી હતી. અડધો કલાકથી વધુ સમય વીતવા છતાં મશીન ચાલુ ન થતા અનેક લોકો મતાધિકારનો ઉપયોગ કર્યા વિના જ પરત ફર્યા હતા. કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર વશરામ સાગઠીયાએ આ મામલે આક્ષેપ કર્યો છે કે, કોંગ્રેસના ગઢ ગણાતા વિસ્તારમાં જાણીજોઈને મતદાન પ્રક્રિયા ધીમી પાડવા માટે આવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

બીજી તરફ, તંત્ર દ્વારા મશીન વહેલી તકે કાર્યરત કરવાના વાયદા આપવામાં આવ્યા હતા. નવસારીની કોન્વેન્ટ હાઈસ્કુલમાં આવેલા મતદાન મથકે વોર્ડ નંબર ૧૩માં પણ મતદાન ન શરૂ થતાં લોકો રોષે ભરાયા હતા. કોંગ્રેસી ઉમેદવાર પ્રમોદ રાઠોડે ગુસ્સો ઠાલવ્યો હતો.

ગોધરાના બામરોલી રોડ પર આવેલી શારદા મંદિર સ્કૂલના મતદાન મથકમાં આજે અચાનક આગ લાગવાની ઘટના બનતા ભારે અફરાતફરી મચી ગઈ હતી.

આણંદ શહેરમાં ચૂંટણીના માહોલ વચ્ચે હિંસક ઘટના સામે આવી છે, જેમાં કરમસદ–આણંદ મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૧૩ના કોંગ્રેસના ઉમેદવાર હર્ષિલ દવે પર મોડી રાત્રે જીવલેણ હુમલો કરવામાં આવ્યો છે. ભાજપના ઉમેદવારના સમર્થકો પર આ હુમલાનો આરોપ લાગ્યો છે, જેના પગલે ગંભીર રીતે ઘવાયેલા હર્ષિલ દવેને સારવાર માટે ખસેડાયા છે. આ ઘટનાને લીધે સ્થાનિક રાજકીય માહોલ તંગ બન્યો છે અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

# માત્ર ૧૦૦ મીટરના અંતરે TMC અને BJPની રેલી, મમતા બેનરજી ભાષણ છોડી સ્ટેજ પરથી ઉતર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના માહોલ વચ્ચે ભવાનીપુરમાં શનિવારે ભારે તણાવ જોવા મળ્યો હતો. તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના સુપ્રીમો મમતા બેનર્જી અને ભાજપના નેતા શુભેન્દુ અધિકારીની રેલીઓ માત્ર ૧૦૦ મીટરના અંતરે યોજાતા બંને પક્ષના કાર્યકરો સામસામે આવી ગયા હતા. પરિસ્થિતિ એટલી હદ સુધી વણસી હતી કે સુરક્ષા દળોએ હસ્તક્ષેપ કરવો પડ્યો હતો.

મુખ્યમંત્રી મમતા બેનર્જી જ્યારે જનસભાને સંબોધિત કરી રહ્યા હતા, ત્યારે તેમણે ભાજપ પર તેમની સભામાં ખલેલ પહોંચાડવાનો આરોપ લગાવ્યો હતો. મમતાએ કહ્યું કે, નજીકમાં યોજાઈ રહેલી શુભેન્દુ અધિકારીની રેલીમાં મોટા અવાજે લાઉડસ્પીકર વગાડીને જાણીજોઈને અડચણ ઊભી કરવામાં આવી રહી છે. આ વિક્ષેપથી નારાજ થઈને મમતા બેનર્જીએ અધવચ્ચે જ પોતાનું ભાષણ રોકી દીધું હતું અને ભીડની માફી માંગીને ત્યાંથી રવાના થઈ ગયા હતા.

મમતા બેનર્જીના ગયા બાદ ગુસ્સે ભરાયેલા_સ્ઝ કાર્યકરોએ ભાજપની રેલી તરફ કૂચ કરી હતી. બંને તરફથી ઉગ્ર સૂત્રોચ્ચાર શરૂ થયા હતા અને જોતજોતામાં વાત ઝપાઝપી સુધી પહોંચી ગઈ હતી. સુરક્ષા જવાનોએ તાત્કાલિક મોરચો સંભાળીને સ્થિતિને કાબૂમાં લીધી હતી.શુભેન્દુ અધિકારીએ આ અંધાધૂંધી માટે મમતા બેનર્જીને જવાબદાર ઠેરવતા કહ્યું કે, ભાજપ આ ગુંડારાજનો જડબાતોડ જવાબ આપશે. બીજી તરફ, ભાજપ નેતા અમિત માલવિયાએ આ ઘટનાનો વીડિયો શેર કરતા કટાક્ષ કર્યો કે હારના ડરથી મમતા બેનર્જી પોતાનો સંયમ ગુમાવી રહ્યા છે. ભવાનીપુર મમતા બેનર્જીનો ગઢ માનવામાં આવે છે, જ્યાંથી તેઓ ૨૦૧૧થી સતત ત્રણ વખત જીત્યા છે. પશ્ચિમ બંગાળમાં પ્રથમ તબક્કાનું મતદાન ૨૩ એપ્રિલે ૧૫૨ બેઠકો પર પૂર્ણ થયું છે. હવે ૨૯ એપ્રિલે ભવાનીપુર સહિત ૧૪૧ બેઠકો પર મતદાન થશે, જ્યારે મતોની ગણતરી ૪ મેના રોજ હાથ ધરવામાં આવશે.

# શહીદોના પોસ્ટરમાં મોજતબા ખામેનેઈની તસવીર દેખાતા વિવાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)તહેરાન

ઈરાનમાં શહીદોને સમર્પિત એક કાર્યક્રમમાં મોજતબા ખામેનેઈની તસ્વીર લગાવાયેલા પોસ્ટરો દેખાતા વિવાદ અને અટકળો શરૂ થઈ ગઈ છે. ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) સાથે જોડાયેલા આ કાર્યક્રમમાં સામાન્ય રીતે શહીદોની તસ્વીરો જ મૂકવામાં આવે છે, જેના કારણે મોજતબાની તસવીર દેખાતા પર ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. મીડિયા રિપોર્ટ મુજબ, તાજેતરમાં થયેલા અમેરિકી હુમલામાં મોજતબા ખામેનેઈ ગંભીર રીતે ઘાયલ થયા હતા અને તેમનો ચહેરો દાઝી ગયો હોવાથી તેમને બોલવામાં તકલીફ પડી રહી હતી. જોકે, ઈરાન સરકાર દ્વારા તેમના મોત કે ગંભીર હાલત અંગે કોઈ સ્પષ્ટતા કરાઈ નથી. તેઓ ઘણા સમયથી જાહેરમાં દેખાયા ન હોવાથી આ શંકા વધી ગઈ છે. બીજીતરફ IRGCએ આક્રમક રીતે કહ્યું છે કે, ઈરાન તમામ ખતરાઓનો સામનો કરવા માટે તૈયાર છે. જમીની લડાઈ સહિતની તમામ સંરક્ષણ યોજનાઓને અપડેટ કરવામાં આવી છે. ઈરાની સુરક્ષા દળો તમામ મોરચે અને ઈન્ટેલિજન્સ સ્તરે એલર્ટ પર છે અને પોતાની સૈન્ય વ્યૂહરચના સતત મજબૂત કરી રહ્યા છે.




### અન્ય સાંસદોને પણ કેન્દ્રનું કવચ

# પંજાબ સરકારે હરભજનની Z+ સિક્યુરિટી હટાવતા ગૃહ મંત્રાલયે આપી CRPF સુરક્ષા

### રવિવારે મુખ્યમંત્રી ભગવંત માનની સરકારે હરભજન સિંહની Z+ કેટેગરીની સુરક્ષા પાછી ખેંચી લીધી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પંજાબના રાજકારણમાં પક્ષપલટા બાદ હવે સુરક્ષાને લઈને નવો વિવાદ છેડાયો છે. પૂર્વ ક્રિકેટર અને રાજ્યસભા સાંસદ હરભજન સિંહના ઘરની બહાર થયેલા વિરોધ પ્રદર્શન અને પંજાબ સરકાર દ્વારા સુરક્ષા હટાવ્યાના ગણતરીના કલાકોમાં જ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે મોટું પગલું ભર્યું છે. કેન્દ્ર સરકારે હરભજન સિંહ સહિત ભાજપમાં જોડાયેલા તમામ ૭ સાંસદોને CRPFની સુરક્ષા પૂરી પાડી છે.



ગૃહ મંત્રાલયના સૂત્રોના જણાવ્યા અનુસાર, હરભજન સિંહ ઉપરાંત સંદીપ પાઠક, અશોક મિત્તલ, સ્વાતિ માલીવાલ, રાજેન્દ્ર ગુપ્તા અને વિક્રમજીત સાહનીને હવે કેન્દ્રીય સુરક્ષા દળોનું રક્ષણ મળશે. આ નેતાઓ હવે દિલ્હી અને પંજાબ બંને જગ્યાએ CRPF કમાન્ડોના સુરક્ષા ઘેરામાં રહેશે. પંજાબમાં તેમના નિવાસસ્થાનોની બહાર વધી રહેલા રોષ અને હુમલાની આશંકાને જોતા કેન્દ્રએ આ નિર્ણય લીધો છે.

આ પહેલા રવિવારે સવારે જ મુખ્યમંત્રી ભગવંત માનની સરકારે હરભજન સિંહની Z+ કેટેગરીની સુરક્ષા પાછી ખેંચી લીધી હતી. જલંધર સ્થિત તેમના નિવાસસ્થાનેથી ૯-૧૦ સુરક્ષાકર્મીઓ અને સરકારી ગાડીઓ હટાવી દેવામાં આવી હતી. હરભજનના પીએ (PA) મનદીપ સિંહે આ વાતની પુષ્ટિ કરી હતી.

શનિવારે હરભજન સિંહના ઘરની બહાર દેખાવકારોએ કાળા સ્પ્રેથી 'પંજાબનો ગદ્દાર' લખી નાખ્યું હતું. સોશિયલ મીડિયા પર વાયરલ વીડિયોમાં દેખાવકારો જ્યારે દીવાલ પર લખી રહ્યા હતા ત્યારે પંજાબ પોલીસ ત્યાં હાજર હોવા છતાં મૂકપ્રેક્ષક બની રહી હતી.

CM ભગવંત માને આ નેતાઓને જાહેરમાં ગદ્દાર ગણાવ્યા છે, જેના કારણે કાર્યકરોમાં ઉશ્કેરાટ જોવા મળી રહ્યો છે. રાઘવ ચઢ્ઢાએ અગાઉ દાવો કર્યો હતો કે, આપના ૭ સાંસદો ભાજપમાં જોડાઈ રહ્યા છે. આ પક્ષપલટા બાદ પંજાબમાં સ્થિતિ તણાવપૂર્ણ બની છે, જેના કારણે હવે કેન્દ્રએ સુરક્ષાની કમાન પોતાના હાથમાં લેવી પડી છે.

# તંત્રી લેખ......

## શિક્ષણની ગુણવત્તા

એ વાત સાચી છે કે તાજેતરમાં દેશમાં મોટી સંખ્યામાં ખાનગી શાળાઓ અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ ખુલી છે, પરંતુ તેમાં સંશોધનનું સ્તર સંતોષકારક નથી. ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ પણ યોગ્ય રીતે નિયંત્રિત નથી. સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશનધોરણ ૧૦ ની પરીક્ષાના પરિણામો પછી, ઉત્તર પ્રદેશ બોર્ડ હાઈ સ્કૂલ અને ઈન્ટરમીડિયેટ પરીક્ષાના પરિણામો પણ જાહેર કરવામાં આવ્યા છે. કેટલીક અન્ય બોર્ડ પરીક્ષાઓના પરિણામો પણ જાહેર કરવામાં આવ્યા છે. અત્યાર સુધીના પરિણામોમાં મોટી સંખ્યામાં પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ જોવા મળે છે. તેઓ અભિનંદન અને પ્રશંસાને પાત્ર છે અને અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણાનો સ્રોત પણ બની રહ્યા છે. આ સ્વાભાવિક છે, પરંતુ તે પણ વિચારવા યોગ્ય છેઃ શું દેશ આજના વિશ્વમાં જરૂરી પ્રતિભાઓનો વિકાસ કરી રહ્યો છે જે દેશની વૈજ્ઞાનિક અને તકનીકી પ્રગતિમાં ફાળો આપી શકે?

આપણે એ હકીકતને અવગણી શકીએ નહીં કે આપણે સમયની માંગ મુજબ ગુણવત્તાયુક્ત શિક્ષણ આપી રહ્યા નથી. બીજી સમસ્યા એ છે કે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ કરવા જઈ રહ્યા છે. પશ્ચિમી દેશો તેમજ વિકાસશીલ દેશોમાં ઉચ્ચ શિક્ષણ મેળવવાનું વલણ વધ્યું છે. આનો ઊંડાણપૂર્વક વિચાર કરવો જ જોઈએ નહીં, પરંતુ આ પાછળના કારણોને પણ સંબોધવાની જરૂર છે. શૈક્ષણિક સંસ્થાઓમાં સંશોધન અને વિકાસની ગુણવત્તા કેવી રીતે સુધારવી તે પણ ધ્યાનમાં લેવું મહત્વપૂર્ણ છે. સંશોધન પત્રોની સંખ્યાની દ્રષ્ટિએ ભારત ત્રીજા ક્રમે છે, પરંતુ તેમની ગુણવત્તાની દ્રષ્ટિએ ઘણું પાછળ છે. આનું એક મુખ્ય કારણ એ છે કે ભારત તેના જીપીડીનો એક ટકા પણ સંશોધન પર ખર્ચ કરતું નથી, જ્યારે ઘણા વિકાસશીલ દેશો ૪-૫ ટકા સુધી ખર્ચ કરે છે. શૈક્ષણિક સંસ્થાઓમાં અદ્યતન પ્રયોગશાળાઓ અને તાલીમનો અભાવ પણ ગુણવત્તાયુક્ત સંશોધનને અવરોધે છે. એ સાચું છે કે તાજેતરમાં દેશમાં મોટી સંખ્યામાં ખાનગી શાળાઓ અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ ઝડપથી ખુલી છે, પરંતુ તેમાં સંશોધનનું સ્તર પણ સંતોષકારક નથી. ખાનગી શૈક્ષણિક સંસ્થાઓનું પણ યોગ્ય રીતે નિયમન કરવામાં આવતું નથી. આનું ઉદાહરણ રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ દ્વારા ખાનગી શાળાઓની મનમાની પ્રત્યે જાગૃતિ છે. પંચે શોધી કાઢ્યું કે ખાનગી શાળાઓ વિદ્યાર્થીઓ અને વાલીઓને ખાનગી પ્રકાશકો પાસેથી પુસ્તકો ખરીદવા માટે દબાણ કરે છે. પંચે આ અંગે તમામ રાજ્યોને નોટિસ ફટકારી છે. આ પગલાથી કોઈ સકારાત્મક પરિણામો મળશે કે નહીં તે કહેવું મુશ્કેલ છે. ગમે તે હોય, રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે શાળા સ્તરે ખીલતી કોચિંગ સંસ્કૃતિની પણ તપાસ કરવી જોઈએ, જે સારી નિશાની નથી. શરૂઆતમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે શરૂ કરાયેલ કોચિંગ એક ઉદ્યોગમાં પરિવર્તિત થઈ ગયું છે. હવે, શાળા શિક્ષણ માટે કોચિંગ પણ એક ઉદ્યોગ બની ગયું છે. આ બિલકુલ યોગ્ય નથી.

### હિમાલયના બરફમાં ઘટાડાથી સ્થિતિ ગંભીર

# અલ નીનો ભારતમાં મચાવશે કહેર, ચોમાસા પર મોટું સંકટ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વિશ્વભરમાં હવામાનના બદલાતા મિજાજ વચ્ચે ભારત માટે ૨૦૨૬ પડકારજનક સાબિત થઈ શકે છે. વિશ્વ હવામાન વિજ્ઞાન સંગઠને (WMO) સંકેત આપ્યો છે કે પ્રશાંત મહાસાગરમાં તાપમાન વધવાને કારણે અલ નીનોની સ્થિતિ ફરી સર્જાઈ શકે છે. શરૂઆતી પૂર્વાનુમાન મુજબ મે થી જુલાઈ વચ્ચે તેની અસર દેખાવાનું શરૂ થઈ શકે છે અને વર્ષના અંત સુધીમાં તે વધુ તીવ્ર બની શકે છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે હાલમાં સ્થિતિ તટસ્થ છે, પરંતુ ક્લાયમેટ મોડલ ઝડપથી અલ નીનો તરફ ઝુકાવ દર્શાવી રહ્યા છે. તેનાથી વૈશ્વિક હવામાન પ્રણાલીમાં મોટા ફેરફારોની શક્યતા બની રહી છે, જેની સીધી અસર ભારત પર પણ પડશે.

અલ નીનો એ એક કુદરતી આબોહવાની પેટર્ન છે, જેમાં મધ્ય અને પૂર્વી પ્રશાંત મહાસાગરની સપાટીનું તાપમાન સામાન્ય કરતા વધુ ગરમ થઈ જાય છે. તે 'એલ નીનો-સધર્ન ઓસિલેશન' (ENSO) ચક્રનો એક ભાગ છે, જેમાં ત્રણ તબક્કા હોય છે. જેમાં અલ નીનો (ગરમ), લા નીના (ઠંડો) અને તટસ્થ અવસ્થા. જ્યારે અલ નીનો સક્રિય થાય છે, ત્યારે તે વિશ્વભરમાં પવન અને વરસાદની પેટર્ન બદલી નાખે છે. આ જ કારણ છે કે કેટલાક વિસ્તારોમાં દુષ્કાળ વધે છે, જ્યારે કેટલીક જગ્યાએ અતિશય વરસાદ થાય છે. આ અસંતુલન વૈશ્વિક સ્તરે હવામાનને અતિશય (extreme) બનાવી દે છે.

અલ નીનોની અસર માત્ર એક પ્રદેશ પૂરતી મર્યાદિત નથી રહેતી, પરંતુ સમગ્ર વિશ્વમાં હવામાનનું ચિત્ર બદલાઈ જાય છે. ઓસ્ટ્રેલિયા અને ઈન્ડોનેશિયા જેવા દેશોમાં દુષ્કાળની સ્થિતિ સર્જાઈ શકે છે, જ્યારે દક્ષિણ અમેરિકા અને આફ્રિકાના કેટલાક ભાગોમાં ભારે વરસાદ જોવા મળે છે. આ સાથે વૈશ્વિક તાપમાનમાં વધારો, ચક્રવાતોની તીવ્રતામાં ફેરફાર અને હવામાનની અનિશ્ચિતતા વધી જાય છે. WMO અનુસાર, ૨૦૨૬ના મધ્ય મહિનાઓમાં ઉત્તર અમેરિકા, યુરોપ અને આફ્રિકાના કેટલાક ભાગોમાં સામાન્ય કરતા વધુ તાપમાન નોંધાઈ શકે છે. નિષ્ણાતોનું માનવું છે કે જળવાયુ પરિવર્તનને કારણે અલ નીનોની અસરો વધુ ગંભીર બની રહી છે. સમુદ્ર અને વાતાવરણમાં વધતી ગરમીને કારણે આવી ઘટનાઓ વધુ તીવ્ર સ્વરૂપ ધારણ કરી શકે છે.

ભારત અલ નીનો પ્રત્યે અત્યંત સંવેદનશીલ માનવામાં આવે છે, કારણ કે દેશની અર્થવ્યવસ્થા અને કૃષિ ઘણી હદ સુધી ચોમાસા પર નિર્ભર છે. ભારતીય હવામાન વિભાગ (IMD) અગાઉથી જ સંકેત આપી ચૂક્યું છે કે ૨૦૨૬નું દક્ષિણ-પશ્ચિમ ચોમાસું સામાન્ય કરતાં નબળું રહી શકે છે અને તે લાંબા ગાળાની સરેરાશના લગભગ ૯૨% જ રહી શકે છે. અલ નીનો વાળા વર્ષોમાં સામાન્ય રીતે ભારતમાં ચોમાસાનો વરસાદ ઓછો થાય છે, વરસાદનું વિતરણ અસમાન રહે છે અને લાંબા દુષ્કાળના ગાળા જોવા મળે છે. તેની સીધી અસર ખેડૂતોની આવક, પાક ઉત્પાદન અને ગ્રામીણ અર્થતંત્ર પર પડે છે. આ સિવાય હીટવેવ વધુ તીવ્ર બની શકે છે, જેનાથી સ્વાસ્થ્ય અને જળ સંસાધનો પર દબાણ વધે છે.

બીજી એક ગંભીર ચિંતા હિમાલય ક્ષેત્ર સાથે જોડાયેલી છે. અહેવાલો અનુસાર, હિંદુ કુશ હિમાલય ક્ષેત્રમાં હિમવર્ષા સામાન્ય કરતા લગભગ ૨૭.૮% ઓછી નોંધાઈ છે, જે છેલ્લા ઘણા વર્ષોમાં સૌથી નીચું સ્તર છે. આ વિસ્તાર ગંગા, સિંધુ અને બ્રહ્મપુત્રા જેવી મોટી નદીઓ માટે જળ સ્રોત તરીકે કામ કરે છે. બરફનું ઓછું થવું એ સંકેત આપે છે કે ઉનાળામાં નદીઓના જળ સ્તર ઘટી શકે છે, જેનાથી સિંચાઈ, પીવાના પાણી અને વીજ ઉત્પાદન પર અસર પડી શકે છે. જો અલ નીનોના કારણે વરસાદ પણ ઓછો થાય, તો આ સ્થિતિ વધુ ગંભીર બની શકે છે અને ઘણા ભાગોમાં જળ સંકટ વધી શકે છે. નિષ્ણાતોનું માનવું છે કે જો અલ નીનોનું પૂર્વાનુમાન સાચું સાબિત થાય છે, તો ભારતને અનેક પડકારોનો સામનો કરવો પડી શકે છે. જેમાં નબળું ચોમાસું, વધુ તાપમાન, લૂની તીવ્રતા, પાણીની અછત અને કૃષિ ઉત્પાદનમાં ઘટાડો સામેલ છે. આ ઉપરાંત ખાદ્ય ચીજોના ભાવમાં વધારો અને ગ્રામીણ આવક પર દબાણ પણ જોવા મળી શકે છે. આ સ્થિતિ માત્ર આર્થિક જ નહીં પરંતુ સામાજિક સ્તરે પણ અસર કરી શકે છે. જણાવી દઈએ કે અલ નીનો એક કુદરતી ચક્ર છે, પરંતુ બદલાતી આબોહવાના યુગમાં તેની અસરો વધુ જોખમી બની ગઈ છે.

# આસનસોલમાં કાર્યકર્તાની હત્યા મુદ્દે રાહુલ ગાંધી લાલચોળ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ પશ્ચિમ બંગાળના આસનસોલમાં કોંગ્રેસ કાર્યકર દેબદીપ ચેટર્જીની હત્યા મામલે તૃણમૂલ કોંગ્રેસ (TMC) સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. રવિવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ૪ પર એક પોસ્ટ દ્વારા તેમણે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે. રાહુલ ગાંધીએ પોતાની પોસ્ટમાં લખ્યું કે, પશ્ચિમ બંગાળમાં આજે લોકશાહી જેવું કંઈ નથી, ત્યાં માત્ર TMCનું ગુંડારાજ ચાલી રહ્યું છે. તેમણે આક્ષેપ કર્યો કે, ચૂંટણી બાદ વિરોધી અવાજોને ડરાવવા, મારવા અને મિટાવવા એ જ હવે TMCનું ચરિત્ર બની ગયું છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, કોંગ્રેસે હંમેશા અહિંસા અને બંધારણનો રસ્તો પસંદ કર્યો છે, પરંતુ આવી હિંસા સામે તેઓ ક્યારેય ઝૂકશે નહીં. રાહુલ ગાંધીએ મૃતક કાર્યકર દેબદીપના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરતા ત્રણ મુખ્ય માંગણીઓ કરી છે. દોષિતોની તાત્કાલિક ધરપકડ કરવામાં આવે અને કઠોર સજા આપવામાં આવે. દેબદીપના પરિવારને સંપૂર્ણ સુરક્ષા પૂરી પાડવામાં આવે. પીડિત પરિવારને યોગ્ય વળતરની ખાતરી કરવામાં આવે. પશ્ચિમ બંગાળ કોંગ્રેસના જણાવ્યા અનુસાર, આસનસોલ ઉત્તરના કોંગ્રેસ ઉમેદવાર પ્રસેનજીત પુઈતાંડીના નજીકના સાથી દેબદીપ ચેટર્જી પર TMC સાથે જોડાયેલા અસામાજિક તત્વોએ ઘાતકી હુમલો કર્યો હતો. ગંભીર ઈજાઓને કારણે હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે આ ઘટના રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાના સંપૂર્ણ પતનનો પુરાવો છે. ચૂંટણી પરિણામો પહેલા જ શરૂ થયેલી આ રાજકીય હિંસાએ પશ્ચિમ બંગાળમાં વિપક્ષી કાર્યકરોની સુરક્ષા પર મોટા સવાલો ઊભા કર્યા છે. રાહુલ ગાંધીએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ આ મામલે પીડિત પરિવારને ન્યાય અપાવીને જ રહેશે.

### ઉત્તર પ્રદેશના બલિયા જિલ્લામાં એક હૃદયદ્રાવક ઘટના

# જમાઈએ પત્ની-સાસુની ગળું કાપીને ખેલ્યો લોહિયાળ જંગ

### આ હુમલામાં સસરા પણ ગંભીર રીતે ઘાયલ થયા છેઃ ઘટનાને અંજામ આપી આરોપી ફરાર થઈ ગયો

(સંપૂર્ણ સમાચાર સેવા)બછઈપુર

નગરા પોલીસ સ્ટેશન વિસ્તારના બછઈપુર ગામમાં આ સનસનાટીભરી ઘટના બની હતી. આરોપી જમાઈ અમિત ગુપ્તાએ રાત્રિના સમયે સસરાના ઘરમાં ઘૂસીને ભારે તાંડવ મચાવ્યું હતું. તેણે પત્ની પ્રીતિ અને સાસુ સુશીલા દેવીની હત્યા કરી નાખી, જ્યારે વચ્ચે બચાવ કરવા આવેલા સસરા અંતુ ગુપ્તા પર પણ જીવલેણ હુમલો કર્યો હતો. અંતુ ગુપ્તાની હાલત ગંભીર હોવાથી તેમને વારાણસી રેફર કરવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ અમિત ગુપ્તા તરીકે ઓળખાતા આરોપીએ તેની પત્ની પ્રીતિ અને સાસુ સુશીલા દેવીની ક્રૂરતાથી હત્યા કરી હતી. તેણે દરમિયાનગીરી કરવા આવેલા તેના સસરા અંતુ ગુપ્તા પર પણ હુમલો કર્યો હતો અને ગંભીર હાલતમાં તેમને વારાણસી રિફર કરવામાં આવ્યા હતા. પ્રીતિ અને અમિતના ૨૦૨૨માં પ્રેમ લગ્ન થયા હતા. શરૂઆતમાં બધું સામાન્ય લાગતું હતું, પરંતુ સમય જતાં તેમના સંબંધોમાં તિરાડ વધતી ગઈ. પરિવારના સભ્યોનો આરોપ છે કે લગ્ન પછી પણ બંને વચ્ચે સંઘર્ષ ચાલુ રહ્યો અને પરિસ્થિતિ બગડતી રહી.

પ્રીતિ છેલ્લા ૧૦ દિવસથી તેના પિયરમાં રહેતી હતી. ગઈકાલે રાત્રે આરોપી અમિત અચાનક ત્યાં પહોંચ્યો અને સીધો જ રૂમમાં ઘૂસી ગયો હતો. તે પત્ની પાસેથી બાળકને છીનવવાનો પ્રયાસ કરવા લાગ્યો. જ્યારે પ્રીતિએ તેનો વિરોધ કર્યો, ત્યારે ઉશ્કેરાયેલા અમિતે ચાકુથી તેના પર ઉપરાછાપરી હુમલો કરી દીધો. બૂમાબૂમ સાંભળીને જ્યારે સાસુ અને સસરા તેને બચાવવા દોડી આવ્યા, ત્યારે આ માથાફરેલા શખ્સે તેમના પર પણ હુમલો કર્યો. આ હુમલામાં પત્ની પ્રીતિનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું છે અને સાસુ સુશીલા દેવીનું પણ ઘટનાસ્થળે જ મોત થયું છે, જ્યારે સસરા અંતુ ગુપ્તા ગંભીર રીતે ઘાયલ થયા છે. ઘટનાને અંજામ આપનાર આરોપી ઘટના સ્થળે જ ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે. મૃતકની બહેને આક્ષેપ કર્યો છે કે અમિત અગાઉ પણ પ્રીતિ સાથે મારપીટ કરતો હતો. હાલમાં પોલીસ ફરાર આરોપી અમિતને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે અને આગળની તપાસ હાથ ધરી છે. મૃતકના પરિવારનો આરોપ છે કે લગ્ન પછી અમિત પ્રીતિને ઘરે લઈ જવાને બદલે બીજે ક્યાંક લઈ ગયો અને તેના પર હુમલો કર્યો. પ્રીતિ છેલ્લા ૧૦ દિવસથી તેના માતાપિતાના ઘરે રહેતી હતી. મૃતકની બહેને જણાવ્યું કે અમિત ગઈકાલે રાત્રે ચોરીછૂપીથી તેના સાસરિયાના ઘરે પહોંચ્યો હતો. તેણે તેની પત્નીના રૂમમાં ઘૂસીને બાળકને છીનવી લેવાનો પ્રયાસ કર્યો હતો. જ્યારે પ્રીતિએ પ્રતિકાર કર્યો ત્યારે અમિતે તેના પર છરીથી હુમલો કર્યો. જ્યારે તેની માતા અને પિતા તેની ચીસો સાંભળીને તેને બચાવવા આવ્યા, ત્યારે પાગલ વ્યક્તિએ તેમને પણ છોડ્યા નહીં. પોલીસે બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધા છે અને ફરાર આરોપીની શોધ શરૂ કરી છે.

### અરબી સમુદ્રમાં અમેરિકાની મોટી કાર્યવાહી

# ઈરાનની નાકાબંધી તોડવાનો પ્રયાસ કરતું જહાજ ઝડપાયું

### નાકાબંધી તોડવાનો પ્રયાસ કરી રહેલા જહાજ સેવાનને અટકાવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)તહેરાન

યુએસ સેન્ટ્રલ કમાન્ડે શનિવારે (૨૫મી એપ્રિલ) અરબી સમુદ્રમાં એક મહત્ત્વપૂર્ણ ઓપરેશન પાર પાડીને ઈરાન પર લાદવામાં આવેલી દરિયાઈ નાકાબંધી તોડવાનો પ્રયાસ કરી રહેલા વેપારી જહાજ સેવાનને અટકાવ્યું છે. આ જહાજ ઈરાની ઓઈલ અને ગેસ ઉત્પાદનોને ગેરકાયદે રીતે વિદેશી બજારોમાં પહોંચાડતા શેડો ફ્લીટનો ભાગ હોવાનું અમેરિકી સેનાએ જણાવ્યું છે.

અમેરિકી સુરક્ષા એજન્સીઓના મતે શેડો ફ્લીટએ ૧૯ જહાજોનો એવો સમૂહ છે જે ઈરાન પરના આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો હોવા છતાં વિશ્વના અન્ય દેશોમાં ઓઈલ અને ગેસનું પરિવહન કરે છે. આ જહાજો અબજો ડોલરના મૂલ્યના ઓઈલ, ગેસ, પ્રોપેન અને બ્યુટેન જેવા ઉત્પાદનો ઈરાનથી બહાર લઈ જાય છે. ઈરાન આ જહાજોનો ઉપયોગ અમેરિકી પ્રતિબંધોથી બચવા અને પોતાની અર્થવ્યવસ્થાને મજબૂત રાખવા માટે કરે છે. અમેરિકાએ આ તમામ ૧૯ જહાજો પર કડક પ્રતિબંધો લાદેલા છે. આ કાર્યવાહી યુએસ નૌકાદળના માર્ગદર્શિત-મિસાઈલ વિનાશક યુએસએસ પિંકની દ્વારા હાથ ધરવામાં આવી હતી. વિનાશક જહાજના હેલિકોપ્ટરે અરબી સમુદ્રમાં સેવાન જહાજને અટકાવી તેને યુએસ લશ્કરી સૂચનાઓનું પાલન કરવા આદેશ આપ્યો હતો. જહાજના કેપ્ટન અને ક્રૂ મેમ્બરોએ આત્મસમર્પણ કરી અમેરિકી સૂચનાઓનું પાલન કરવાનું સ્વીકાર્યું છે. હાલમાં આ જહાજ યુએસ નેવીના કડક સુરક્ષા કવચ હેઠળ ઈરાન પરત ફરી રહ્યું છે. અમેરિકાએ ઈરાની ઓઈલ અને ગેસની નિકાસ સંપૂર્ણપણે અટકાવવા માટે દરિયાઈ નાકાબંધી લાદી છે. યુએસ સેન્ટ્રલ કમાન્ડના અહેવાલઅનુસાર, નાકાબંધી શરૂ થઈ ત્યારથી અત્યાર સુધીમાં ૩૭ જહાજોને અટકાવીને રીડાયરેક્ટ કરવામાં આવ્યા છે. અટકાવવામાં આવેલા તમામ જહાજો શેડો ફ્લીટનો હિસ્સો હતા અને પ્રતિબંધોનું ઉલ્લંઘન કરી રહ્યા હતા.

### હાર્ટ અટેકથી મોતની આશંકા

# આણંદના સાંસેજમાં ચૂંટણી દરમિયાન ફરજ બજાવી રહેતા કર્મચારીનું મૃત્યુ

(સંપૂર્ણ સમાચાર સેવા)આણંદ

સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે આજે રાજ્ય ચૂંટણી આયોગની જાહેરાત મુજબ આજે એટલે કે ૨૬ એપ્રિલ, ૨૦૨૬ના રોજ રાજ્યની ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો અને ૨૬૦ તાલુકા પંચાયતોની ચૂંટણી માટે મતદાન થઈ રહ્યાં છે. મતદાન દરમિયાન આણંદના સાંસેજમાંથી એક દુઃખદ સમચારા સામે આવ્યાં છે. આણંદના સાંસેજમાં બુથ નં.૧ના કર્મચારી અમિત સોલંકીનું મૃત્યુ થયું છે. ફરજ દરમિયાન અમૃત સોલંકી એકદમ અચાનક જ ઢળી પડ્યાં હતા. હાર્ટ અટેકના કારણે મોત થયાની આશંકા સેવાઈ રહી છે. મૃતદેહને PM માટે તારાપુર સરકારી હોસ્પિટલ લઈ જવાયા છે. પીએમ રિપોર્ટ બાદ જ મૃત્યુનું સાચું કારણ સામે આવશે, મૃતક અમિત સોલંકી સાંસેજ ગ્રામપંચાયતમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા હતા. આજે સ્થાનિક સ્વરાજની ચૂંટણીના મતદાનમાં દિવ્યાંગજનોએ પણ મત આપીને નાગરિક તરીકેની પોતાની ફરજ નિભાવી છે. અમદાવાદના ઈલાબા ઝાલા નામના ૭૦ વર્ષિય વૃદ્ધા પેરાલિસિસ હોવા છતા પણ મતદાન મથકે પહોંચ્યા અને પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. રાજકોટના ધોરાજીના ઝાંઝમેર ખાતે એક દિવ્યાંગ યુવકે વ્હીલચેર પર મતદાન મથકે પહોંચીને એક નાગરિક તરીકેની પોતાની ફરજ અદા કરી હતી. ગાંધીનગરના કલોલના પોલિયોગ્રસ્ત દંપત્તીએ પુત્રી સાથે મતદાન મથકે પહોંચીને પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. દિનેશભાઈ અને મોનાબેનનું કહેવું છે કે, મજબૂત રાષ્ટ્રના નિર્માણ માટે શારીરિક ક્ષમતા નહીં, પણ મજબૂત ઈચ્છાશક્તિની જરુર હોય છે.

નવસારીમાં પોલીસે પણ પોતાની ઉમદા ફરજ બજાવી. વૃદ્ધો અને દિવ્યાંગજનોને સહારો આપીને મતદાન મથક સુધી પહોંચાડ્યા. નાગરિકોની પડખે ઉભા રહી ખાખીધારીઓએ નાગરિકોને પોતાના મતાધિકાર મેળવવામાં મદદ કરી..

કચ્છના એક દિવ્યાંગ યુવકને તેડીને પોલીસ બૂથ સુધી લઈ ગઈ હતી અને વોટિંગ કરાવ્યું હતું.

### રાજસ્થાન રોયલ્સ માટે ખરાબ સમાચાર

# હૈદરાબાદ સામેની મેચ દરમિયાન ઓપનર વૈભવ સૂર્યવંશી ઈજાગ્રસ્ત

### હેમસ્ટ્રિંગની સમસ્યાને કારણે છોડવું પડ્યું હતું મેદાન




(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

IPL 2026માં રાજસ્થાન રોયલ્સ માટે શાનદાર ફોર્મમાં રહેલા યુવા ઓપનર વૈભવ સૂર્યવંશીની ફિટનેસ ટીમ માટે ચિંતાનો વિષય બની છે. શનિવારે સનરાઈઝર્સ હૈદરાબાદ સામેની મેચમાં સૂર્યવંશીને ફિલ્ડિંગ દરમિયાન હેમસ્ટ્રિંગની સમસ્યાને થઈ હતી. ત્યારબાદ ફિઝિયો અને સપોર્ટ સ્ટાફની મદદથી તેને મેદાનની બહાર લઈ જવામાં આવ્યો. ત્યારબાદ તે ફિલ્ડિંગ કરવા મેદાનમાં આવ્યો નહોતો. રાજસ્થાન માટે મેચ નિરાશાજનક સાબિત થઈ, કારણ કે સૂર્યવંશીની વિસ્ફોટક સદી છતાં ટીમ ૨૨૯ રનના વિશાળ સ્કોરનો બચાવ કરવામાં નિષ્ફળ રહી અને SRH સફળતાપૂર્વક ટાર્ગેટનો પીછો કરી શક્યું. મેચ પછીની પ્રેસ કોન્ફરન્સ દરમિયાન બેટિંગ કોચ વિક્રમ રાઠોડે સૂર્યવંશીની ઈજા અંગે સ્પષ્ટતા કરી છે. તેમણે કહ્યું કે તેને સ્નાયુમાં થોડી તકલીફ થઈ રહી હતી, પરંતુ હવે તે સ્વસ્થ દેખાય છે. તેની સારવાર ચાલી રહી છે. એક કે બે દિવસમાં સંપૂર્ણ ચિત્ર સ્પષ્ટ થઈ જશે, પરંતુ હાલ માટે ઈજા ગંભીર નથી લાગતી. જો કે, રાજસ્થાન રોયલ્સની ચિંતા તેના શેડ્યૂલના કારણે છે. ટીમને વધુ આરામ મળ્યો નથી અને ૨૮ એપ્રિલે પંજાબ કિંગ્સ સામે એક મહત્વપૂર્ણ મેચ રમવાની છે. પરિણામે સૂર્યવંશી સમયસર સંપૂર્ણ ફિટનેસ મેળવી શકશે કે નહીં તે એક મુખ્ય પ્રશ્ન રહે છે. જો વૈભવ સૂર્યવંશી પંજાબ સામેની મેચમાં રમી શકે તેમ ના હોય તો રાજસ્થાન રોયલ્સને તેના ઓપનિંગ કોમ્બિનેશનમાં ફેરફાર કરવાની ફરજ પડી શકે છે. ટીમ પાસે બે વિકલ્પો ઉપલબ્ધ છે. લુઆન-ડ્રે પ્રિટોરિયસને ઈનિંગ શરૂ કરવાની તક આપવામાં આવી શકે છે. જો કે, આવું કરવા માટે ટીમને શિમરોન હેટમાયરને બેન્ચ કરવાની જરૂર પડી શકે છે.

બીજો વિકલ્પ અમન રાવ પેરાલસ છે, જેને ડેબ્યૂ કરવાની તક મળી શકે છે. પેરાલસે આ વર્ષે વિજય હજારે ટ્રોફીમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું, જ્યાં તેણે બંગાળના પ્રચંડ પેસ આક્રમણ સામે માત્ર ૧૫૪ બોલમાં બેવડી સદી ફટકારી હતી. ૨૧ વર્ષીય બેટ્સમેને અત્યાર સુધીમાં ૧૧ ટી૨૦ મેચમાં ૩૦૧ રન બનાવ્યા છે, જેમાં તેણે ૩૩.૪૪ની સરેરાશ અને ૧૬૨.૭૦નો સ્ટ્રાઈક રેટ જાળવી રાખ્યો છે. તેનો સમાવેશ રાજસ્થાનને ટીમ સંતુલનની દ્રષ્ટિએ પણ ફાયદો કરાવી શકે છે. આવી સ્થિતિમાં ટીમ દાસુન શનાકાને લાવીને તેના મધ્યમ ક્રમને મજબૂત બનાવી કરી શકે છે. જો હેટમાયરનું ફોર્મ ચિંતાનું કારણ બને છે. રાજસ્થાનનો આગામી મુકાબલો પંજાબ કિંગ્સ સામે છે, જે હાલમાં ટુર્નામેન્ટમાં અજેય ટીમ છે. પંજાબે સતત છ મેચ જીતીને પોઈન્ટ ટેબલમાં ટોચનું સ્થાન મેળવ્યું છે. તાજેતરમાં ટીમે દિલ્હી કેપિટલ્સ સામે IPL ઈતિહાસમાં સૌથી વધુ રન ચેઝ કર્યો છે. આ સંદર્ભમાં જો સૂર્યવંશી તેની ફિટનેસ પાછી નહીં મેળવે, તો આ મેચ રાજસ્થાન રોયલ્સ માટે વધુ મુશ્કેલ પડકાર સાબિત થઈ શકે છે.

## ભરૂચમાં વોર્ડ નંબર-૨ના મતદાન કેન્દ્ર પર વીજ પુરવઠો ખોરવાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)ભરૂચ

ભરૂચ શહેરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી દરમિયાન અનોખી સ્થિતિ સર્જાઈ હતી. મળતી જાણકારી અનુસાર, ભરૂચમાં વોર્ડ નંબર ૨ના મતદાન કેન્દ્ર પર અચાનક વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. ઈકરા સ્કૂલ ખાતે આવેલા આ મતદાન મથકે વીજળી ગુલ થતાં તાત્કાલિક મીણબત્તીનો સહારો લેવામાં આવ્યો હતો. મીણબત્તીના સહારે પણ મતદાન પ્રક્રિયા કરવામાં આવી રહી હતી. મતદારો ઉત્સાહ સાથે પોતાનો મત આપવા આગળ આવ્યા હતા. આ પરિસ્થિતિ છતાં મતદાન શાંતિપૂર્ણ રીતે યોજાઈ રહ્યું છે. લોકોએ જવાબદારીપૂર્વક મતાધિકારનો ઉપયોગ કરીને લોકશાહી પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

બોટાદમાં લગ્ન પહેલા દુલ્હન મતદાન કરવા પહોંચી હતી. બોટાદ પાલિકાની ચૂંટણીને લઈને મતદાન ચાલી રહ્યું છે ત્યારે સરકારી હાઈસ્કૂલના બુથ પર લાંબી લાઈન લાગી હતી. પોતાના લગ્ન પહેલા ભૂમિ પંચાલે મતદાન કર્યું હતું. અરવલ્લીના મેઘરજમાં વર-કન્યાએ મતદાન કર્યું હતું. લગ્ન પહેલા વર અને કન્યાએ મતદાન કર્યું હતું. લગ્ન પહેલા નવદંપતીએ મતાધિકારીનો ઉપયોગ કર્યો હતો. આણંદના કરમસદમાં ઈફક ખોટકાયું હતું. કરમસદના મતદાન કેન્દ્રમાં અંદાજે ૭ મિનિટ સુધી EVM બંધ રહ્યું હતુ. તાત્કાલિક અન્ય EVM મંગાવી મતદાન શરૂ કરાયું હતું.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# ચૂંટણી નિરીક્ષક શ્રીમતી અવંતિકા સિંઘ ઔલખે અમદાવાદ મહાનગરપાલિકા વિસ્તારના વિવિધ મતદાન મથકોની મુલાકાત લીધી



અમદાવાદ મહાનગર પાલિકાની સામાન્ય ચૂંટણીઓ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા નિયુક્ત કરવામાં આવેલા ચૂંટણી નિરીક્ષક શ્રીમતી અવંતિકા સિંઘ ઔલખ (IAS) દ્વારા આજે મતદાનના દિવસે શહેરના વિવિધ મતદાન મથકોની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી.

ચૂંટણી નિરીક્ષકશ્રીએ સવારે એસ.પી. સ્ટેડિયમની વિદ્યાનગર હાઈસ્કૂલ, ઉસ્માનપુરાના વિવિધ બુથ, નારણપુરાની સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલના બુથ, નવરંગપુરાની એ.જી. ટીચર્સ હાઈસ્કૂલના બુથ તેમજ સી.એન. વિદ્યાલયના વિવિધ બુથની મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમિયાન તેમણે મતદાન મથકો પર મતદારો માટેની સુવિધાઓ અને સુરક્ષા વ્યવસ્થા નિહાળી હતી. ચૂંટણી નિરીક્ષકશ્રીએ મતદાન મથકો પર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલી વ્યવસ્થાઓ અંગે ઝીણવટભરી માહિતી મેળવી હતી અને તંત્રની કામગીરી પ્રત્યે સંતોષ વ્યક્ત કર્યો હતો.

### લોકશાહીના પર્વમાં અમદાવાદ ગ્રામ્ય પોલીસની સરાહનીય કામગીરી

# મતદાન મથકો પર દિવ્યાંગ અને વૃદ્ધ મતદારોની વ્હારે આવતા પોલીસકર્મીઓ



રાજ્યમાં આજે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે મતદાન ચાલી રહ્યું છે, ત્યારે યુવાનોથી લઈ વૃદ્ધ સુધીના તમામ નાગરિકો ઉત્સાહપૂર્વક મતદાન કરી રહ્યા છે. ત્યારે મતદાન મથકો પર માનવતાના દૃશ્યો પણ જોવા મળી રહ્યા છે. પોલીસ કર્મચારીઓ પોતાની ફરજની સાથે સાથે વૃદ્ધો અને દિવ્યાંગ મતદારોને મતદાન બુથ સુધી પહોંચાડવામાં મદદ કરી રહ્યા છે. અમદાવાદના વાંચ, મણિપુર તથા બગોદરાના ભામસરા અને ગાંગડ ગામે પ્રાથમિક શાળા ખાતે વૃદ્ધ અને દિવ્યાંગ મતદારો અમદાવાદ ગ્રામ્ય પોલીસના કર્મીઓના સહારે મતદાન મથક સુધી પહોંચ્યા હતા. પોલીસની આ મદદના કારણે વૃદ્ધો અને દિવ્યાંગો પણ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શક્યા હતા. અમદાવાદ ગ્રામ્ય પોલીસના આ સરાહનીય કાર્યની પ્રશંસા થઈ રહી છે.

# મહેસાણા જિલ્લાના વડનગરમાં મતદાનમાં મોટી ગેરરીતી ? મહિલા મત આપ્યા પહોચ્યા ને ખબર પડી કે મત તો અપાઈ ગયો છે



પ્રતિનિધિ,ગાંધીનગર

મહેસાણા જિલ્લાના વડનગર તાલુકાના સુલતાનપુરા ગામમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણી દરમિયાન એક અત્યંત ચોંકાવનારી ઘટના બનવા પામી હતી. લોકશાહીના આ પર્વમાં જયારે એક જાગૃત મહિલા પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા મતદાન મથક પર પહોચ્યા ત્યારે તેમને જાણવા મળ્યુ કે તેમનો મત પહેલે થી જ કોઈ અન્ય વ્યકિત દ્વારા આપી દેવામાં આવ્યો છે.

આ ઘટનાને પગલે મતદાન મથક પર ભારે હોબાળો મચી ગયો હતો અને ચુંટણી પ્રક્રિયાની પારદર્શિતા પર અનેક સવાલો ઉભા થયા છે. સુલતાનપુરાના બુથ નં. ૧ પર ક્રિષ્ણાબેન પોપટજી ઠાકોર નામની મહિલા જયારે ઉત્સાહભેર મતદાન કરવા પહોચ્યા ત્યારે આ મામલો પ્રકાશમાં આવ્યો હતો. મતદાન મથક પર હાજર કર્મચારીઓએ જણાવ્યુ હતુ કે તેમના નામ સામે તો મતદાન થઈ ચુકયુ છે. આ સાંભળીને મહિલા અને તેમના પરીવારજનો ચોકી ઉઠયા હતા. મહિલા પાસે તમામ માન્ય પુરાવા હોવા છતાં, કાગળ પર તેમનો મત અપાઈ ગયો હોવાથી તેઓ પોતાના પવિત્ર અધિકારથી વંચિત રહી ગયા હતા. આ ગંભીર આક્ષેપ અંગે જયારે બુથના પ્રિસાઈડીંગ ઓફીસર ની પુછપરછ કરવામાં આવી ત્યારે તેમણે દાવો કર્યો હતો કે રજીસ્ટરમાં ફીંગર પ્રિન્ટ સાથે નોંધ કરવામાં આવી છે. જો કે સૌથી મોટો સવાલ એ ઉભો થાય છે કે જો અસલી મતદાર પોતાની સાથે ઓરીજનલ દસ્તાવેજ લઈને આવ્યા હોય તો તેમના નામે ફીંગરપ્રિન્ટ કોણે આપી ? શું આ ઓળખની ચોરી છે કે પછી વહિવટીતંત્રની કોઈ મોટી બેદરકારી ? આ ઘટનાને કારણે બુથ પર હાજર અન્ય મતદારોમાં પણ ચર્ચા જાગી હતી. પોતાનુ ઓળખપત્ર સાથે હોવા છતાં મતદાન ન કરી શકવાને કારણે ક્રિષ્ણાબેન અને ગ્રામજનોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. એકતરફ સરકાર વધુમાં વધુ મતદાન માટે અપીલ કરી રહી છે. તો બીજી તરફ આવી ગેરરીતીના કિસ્સાઓ જાગૃત નાગરીકોને નિરાશ કરી રહ્યા છે. સુલતાનપુરાની આ ઘટનાએ ચુંટણીપંચ ની કડક દેખરેખ અને ઓળખની ચકાસણીની પ્રક્રિયા પર પ્રશ્નાર્થ ચિન્હ મુકી દીધુ છે.

# અમદાવાદ મહેસાણા સહિત ઘણા વોટીંગ બુથ પર ઈવીએમ મશીન ખોટકાયાની ઉઠી ફરીયાદો



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓનુ મતદાન ચાલી રહ્યુ હતું. ત્યારે રાજયમાં કેટલાક ઠેકાણે ઈવીએમ ખોટકાયાની ફરીયાદો તંત્રને મળી હતી. આકરા તડકામાં પણ સવાર થી મતદાન મથકો પર મતદારો વોટીંગ કરવા પહોચ્યા હતા.

જો કે ઘણા વોટીંગ બુથ પર ઈવીએમ ખોટકાયા હોવાની ઘટના બહાર આવી હતી. ઘણા મતદાન મથકો પર ટેકનીકલ કારણોસર મતદાન પ્રક્રિયા રોકવાની ફરજ પડી હતી.

આવી સ્થિતિમાં અમદાવાદના રામોલ હાથીજણ વિસ્તારણના દુન સ્કુલના બુથ નં. ૪૪ પર ઈવીએમ બંધ થવાની ઘટના બહાર આવી હતી. આ વોટીંગ બુથ પર મતદાન શરૂ થતાની સાથે જ ઈવીએમ બંધ થઈ ગયુ હતું. ઈવીએમ બંધ થઈ જતા મતદારો લાઈનમાં ઉભા રહી પરેશાન થઈ ગયા હતા.

અમદાવાદ જેમ સુરત મ્યુનિસીપલ કોર્પોરેશનની ચુંટણી માટે મતદાન ચાલી રહ્યુ હતું. તે દરમિયાન ઈવીએમ ખોટકાયાની ફરીયાદો મળી હતી. સુરતના વોર્ડ નં.૨૧ ના મતદાન મથક ૮૮ પર ઈવીએમ મશીન બંધ પડી ગયુ હતું. ત્યારબાદ તંત્ર દ્વારા તાત્કાલીક બીજા ઈવીએમની વ્યવસ્થા કરી મતદાન પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. જો કે ઈવીએમ બંધ થતા ગરમીના લીધે લાઈનમાં ઉભેલા મતદારો પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. તો બીજી તરફ મહેસાણા મનપા ચુંટણીમાં મતદાન ચાલી રહ્યુ હતુ તે દરમિયાન ઈવીએમ ખોટકાયાની ફરીયાદો ઉઠી હતી. મહેસાણાના વોર્ડ નં. ૬ અને વિવિધલક્ષી વિદ્યાલય કેન્દ્ર પર ઈવીએમ મશીન શરૂ ન થવાથી મતદારો પરેશાન થયા હતા. તો વિસનગર ની ભાંડુ ગામમાં પણ ઈવીએમ મશીનમાં ખામી સર્જાઈ હતી તો બનાસકાંઠા જિલ્લાના અમીરગઢના ગાંગુ ગામે ઈવીએમ બંધ પડતા ૨૦ મીનીટ સુધી મતદાન પ્રક્રિયા અટકી ગઈ હતી. નોંધનીય છે કે ગાંગુ ગામ ધારાસભ્ય કાંતી ખરાડીનુ વતન છે. નવસારીના કાલીયાવાડી વિસ્તારની કન્યા શાળામાં ઈવીએમમાં ટેકનીકલ ખામી સર્જાતા મતદાન પ્રક્રિયા ૪૦ મીનીટ મોડી શરૂ થઈ હતી. તો બીજી તરફ પંચમહાલ જિલ્લાના મોરવા હડફ ના મતદાન મથકો પર ઈવીએમ મશીન લાંબા સમય સુધી શરૂ ન થતા ટેકનીકલ ટીમ દોડતી થઈ હતી.

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ થી લઈ મુખ્યમંત્રી અને મંત્રીઓએ કર્યુ મતદાન : લોકશાહીના પર્વમાં ઉત્સાહ




પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતની સ્થાનિક સ્વરાજયની ચુંટણીના માહોલમાં આજે રવિવારે સવાર થી જ દિગ્ગજ નેતાઓએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અમદાવાદના નારણપુરા વિસ્તારમાં મતદાન કરવા પહોચ્યા હતા. જયાં તેમની સાથે પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા પણ ઉપસ્થિત રહ્યા હતા. તો બીજી તરફ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પણ અમદાવાદમાં મતદાન કરી વિકસિત ગુજરાતના નિર્માણ માટે લોકોને અપીલ કરી હતી. મુખ્યમંત્રીએ ખાસ કરીને યુવા અને પ્રથમ વખત મતદાન કરનારા મતદારોને લોકશાહીના આ પર્વમાં જોડાવવા પ્રોત્સાહિત કર્યા હતા.

અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં પૂર્વ ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ પોતાના પરીવાર સાથે મતદાન કર્યુ હતું. મતદાન બાદ તેમણે મીડીયા સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે મજબુત સ્થાનિક શાસન માટે દરેક નાગરીકે મતાધિકારનો ઉપયોગ કરવો જોઈએ. તેમણે વસ્ત્રાલના રહીશો અને સમગ્ર ગુજરાતની જનતાને ઉત્સાહપૂર્વક મતદાન મથકે પહોચવા વિનંતી કરી હતી. તો બીજી તરફ મહેસાણા ખાતે પંચાયત મંત્રી ઋષીકેશ પટેલે મતદાન મથક પર જઈ પોતાનો મત આપ્યો હતો. તો બીજી તરફ પોરબંદરના ધારાસભ્ય અને વન મંત્રી મોઢવાડીયાએ પોતાના વતન મોઢવાડા ખાતે ગ્રામીણ માહોલમાં મતદાન કર્યુ હતું. તેમણે જણાવ્યુ હતુ કે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ લોકોના પાયાના પ્રશ્નો સાથે જોડાયેલી હોય છે. તેથી આ ચુંટણીમાં મતદાનનુ મહત્વ અનેકગણુ વધી જાય છે.

સુરત મહાનગરપાલિકાની ૧૨૦ બેઠકો માટે યોજાઈ રહેલી ચુંટણીમાં રાજયના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ વોર્ડ નં. ૨ માં મતદાન કર્યુ હતું. વોર્ડ નં.૨ માં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિપાંખીયો જંગ ખેલાયો છે. ઉપરાંત ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ પણ સુરતમાં પોતાના પરીવાર સાથે મતદાન કરી સૌને લોકશાહીને મજબુત બનાવવા માટે આહવાન કર્યુ હતું. ગુજરાતના તમામ મોટા શહેરો અને જિલ્લાઓમાં વહિવટી તંત્ર દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મતદાનની પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે ચાલી હતી.

### લોકશાહીને મજબૂત બનાવવાનો આપ્યો સંદેશ

# ગાયક કલાકાર અને ઉમેદવાર રાજલ બારોટે કર્યુ મતદાન

(સંપૂર્ણ સમાચાર સેવા)ગીર સોમનાથ

ગીર સોમનાથ જિલ્લાના ઉના નગરપાલિકા ચૂંટણી દરમિયાન ગાયક કલાકાર અને ઉમેદવાર રાજલ બારોટે વોર્ડ નંબર ૭માંથી મતદાન કર્યુ છે. રાજલ બાટોર આ જ વોર્ડમાંથી પોતે ઉમેદવાર છે ત્યારે તેમણે તેમના મતાધિકારનો ઉપયોગ કરી જાહેર જનતાને પણ વોટ કરવા માટે અપીલ કરી છે.

રાજલ બારોટે ઉનાની શાહ એચ.ડી. હાઈસ્કૂલ ખાતે આવેલા મતદાન મથક પર પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આ સાથે લોકોને પણ મતદાન કરવા અપીલ કરી હતી.

રાજલ બારોટે મતદાન કર્યા બાદ જણાવ્યું હતું કે લોકશાહી વ્યવસ્થામાં મતદાન દરેક નાગરિકનો હક્ક અને ફરજ છે. તેમણે જનતાને પણ વધુમાં વધુ સંખ્યામાં મતદાન કરવા અપીલ કરી હતી, જેથી લોકશાહી વધુ મજબૂત બની શકે છે. ઉના શહેરમાં મતદાન દરમિયાન મતદારોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને વિવિધ મતદાન મથકો પર લોકોની અવરજવર યથાવત રહી છે.

મતદાન કરવા જતા મીડિયા સાથેની વાતચીતમાં દરમિયાન કહ્યું હતુ કે આ લોકશાહીનો પર્વ છે. જેને આપણે સૌ એ ઉજવવો જોઈએ, તેમજ મતદાન સાથે આપણું ભાવી પણ જોડાયેલુ છે આથી દરેક વ્યક્તિએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરવો જોઈએ.

દરમિયાન, વડોદરામાં પૂર્વ ક્રિકેટર અને ટીએમસી સાંસદે મતદાન કર્યું છે. પરિવાર સાથે યુસુફ પઠાણે મતદાન કર્યું છે. આ સાથે તેમણે લોકોને પણ મતદાન કરવા માટે અપીલ કરી હતી.તેમણે કહ્યું કે, મત આપવોએ આપણો અધિકાર છે.

અધિકારનો સારી રીતે ઉપયોગ થવો જોઈએ. આ સાથે જેની પાસે તમે આશા રાખો કે, જે લોકો કામ કરે છે. તમારી મુશ્કેલીઓ દુર કરે છે. તેને ડેવલપમેન્ટ માટે મત આપવામાં આવે છે. જે ઉમેદવારને પસંદ કરવાનો માત્ર એક જ લક્ષ્ય હોય છે કે, તે તમારી વચ્ચે રહે અને લોકોની વાત સમજે. તેમજ કામ કરતો રહે.

યુસુફ પઠાણનો જન્મ ગુજરાતના બરોડામાં એક ગુજરાતી પઠાણ પરિવારમાં થયો હતો. તે ભારતીય ક્રિકેટર ઈરફાન પઠાણનો મોટો ભાઈ છે.

યુસુફ પઠાણે ૨૭ માર્ચ ૨૦૧૩ના રોજ મુંબઈ સ્થિત ફિઝિયોથેરાપિસ્ટ આફરીન ખાન સાથે લગ્ન કર્યા હતા. તેમને એક પુત્ર પણ છે. તે "YAIF" અને તેના મિશન "યુથ અગેઈન્સ્ટ રેપ" ને સમર્થન આપી રહ્યો હતો.

ઓક્ટોબર ૨૦૧૫ સુધી રણજી ટ્રોફીમાં સૌથી ઝડપી ૫૦ (૧૮ બોલમાં)નો રેકોર્ડ તેમના નામે હતો. તેમનો રેકોર્ડ બંદીપ સિંહે (૧૫ બોલમાં) તોડ્યો હતો.

### અમરેલીના મોટા આંકડિયામાં ચૂંટણીને લઈ ઉત્સાહ

# લગ્નપ્રસંગ જેમ ઢોલ-શરણાઈ સાથે મત આપવા નીકળ્યા ગ્રામજનો

## ભાજપ નેતા શૈલેષ પરમારે પરિવાર સાથે વોટિંગ કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

હાલ લોકશાહીના મહાપર્વ નિમિત્તે સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આજે ૨૬મી એપ્રિલે આખા ગુજરાતમાં મતદાનની પ્રક્રિયા ચાલી રહી હતી ત્યારે અમરેલી જિલ્લાના મોટા આંકડિયા ગામે એક અત્યંત પ્રેરણાદાયક અને અનોખો નજારો રજૂ કર્યો છે. સામાન્ય રીતે ચૂંટણી એટલે વ્યૂહરચના અને રાજકીય ગરમાવો માનવામાં આવે છે, પરંતુ મોટા આંકડિયાના ગ્રામજનોએ તેને ખરા અર્થમાં લોકશાહીના પર્વની અનોખી ઉજવણી તરીકે સ્થાપિત કરી છે.

ગામમાં વહેલી સવારથી જ વાતાવરણ કોઈ લગ્નપ્રસંગ કે મોટા મહોત્સવ જેવું જ સર્જાયું હતું.

આ અનોખી ઉજવણીની વિશેષતા એ હતી કે મતદારો માત્ર મતદાન મથક સુધી ચાલીને જવાને બદલે ઢોલ અને શરણાઈના તાલે મધુર સૂરો વચ્ચે મતદાન કરવા નીકળ્યા હતા. ઢોલના ધબકારે ગ્રામજનોમાં એક નવો જ જોશ ભરી દીધો હતો અને દરેકના મુખ પર લોકશાહીના આ પર્વ માટેનો ગર્વ જોવા મળતો હતો. શરણાઈના મંગલ સૂર વચ્ચે જ્યારે ગ્રામજનો સમૂહમાં મતદાન કરવા નીકળ્યા હતા, ત્યારે રસ્તામાં ઊભેલા અન્ય લોકો પણ આ અનેરા ઉત્સાહમાં જોડાયા વગર રહી શક્યા નહોતા.

આ પવિત્ર અવસરમાં સ્થાનિક નેતૃત્વએ પણ સક્રિય અને પ્રેરણાદાયી ભૂમિકા ભજવી હતી. ભાજપના અગ્રણી નેતા શૈલેષ પરમાર પણ આ લોકશાહીના ઉત્સવમાં સહભાગી થયા હતા. ખાસ વાત એ હતી કે તેઓ માત્ર એકલા નહીં, પરંતુ પોતાના સમગ્ર પરિવાર સાથે મતદાન કરવા માટે ઉમટી પડ્યા હતા.

ભાજપના નેતા શૈલેષ પરમારે ગ્રામજનોની સાથે ખભેખભા મિલાવીને લોકશાહીની મજબૂતી માટે પોતાનો મતાધિકાર ઉપયોગ કર્યો હતો. તેમની ઉપસ્થિતિ અને ગ્રામજનો સાથેની તેમની આત્મીયતાએ આ પ્રસંગને વધુ ભવ્ય બનાવ્યો હતો.

મોટા આંકડિયા ગામમાં જોવા મળેલો આ ઉત્સાહ એ વાતની સાક્ષી પૂરે છે કે ગ્રામીણ જનતા પોતાની મતાધિકારની શક્તિને અને તેની ગરિમાને ખૂબ જ સારી રીતે સમજે છે. યુવાનોમાં પ્રથમ વખત મતદાન કરવાનો થનગનાટ હતો, તો વડીલો પણ આ પર્વમાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા. ગામના ચોરે અને શેરીઓમાં માત્ર મતદાનની જ ચર્ચાઓ સંભળાતી હતી. અમરેલી જિલ્લાનું આ ગામ આજે સમગ્ર પંથકમાં પ્રેરણાનું કેન્દ્ર બન્યું છે. લોકશાહીના આ પર્વને જે રીતે હર્ષોલ્લાસ અને સંગીતના સૂરો સાથે ઉજવવામાં આવ્યો, તેનાથી સ્પષ્ટ થાય છે કે અહીંના લોકો માટે મતદાન એ માત્ર એક રાજકીય ફરજ નથી, પરંતુ રાષ્ટ્ર પ્રત્યેનો એક ઉત્સવ છે. ઢોલ-શરણાઈના અવાજ અને મતદારોના હસતા ચહેરાઓએ મોટા આંકડિયાના આ દિવસને ઐતિહાસિક બનાવી દીધો છે. આ પ્રકારની જાગૃતિ લોકશાહીના પાયાને વધુ મજબૂત બનાવશે તેમાં કોઈ શંકા નથી.

### જાપાનથી આવેલા મુસાફરની પુછપરછ

# અમદાવાદ એરપોર્ટથી વિશ્વની સૌથી મોંઘી પેનનો જથ્થો ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કસ્ટમ્સ એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU) દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ૨૬મી એપ્રિલ ૨૦૨૬ના રોજ જાપાનથી આવેલા એક મુસાફર પાસેથી ઉચ્ચ ગુણવત્તાની ૬૧ ડિઝાઈનર ઈંક પેન જપ્ત કરવામાં આવી છે. મુસાફરે આ કિંમતી પેન જાહેર કર્યા વગર કસ્ટમ્સ ડ્યુટી ચૂકવ્યા વિના લઈ જવાનો પ્રયાસ કર્યો હતો. કસ્ટમ્સ વિભાગના જણાવ્યા અનુસાર, પકડાયેલી પેનોની ચોક્કસ કિંમતનું મૂલ્યાંકન હજુ ચાલી રહ્યું છે, પરંતુ પ્રાથમિક અંદાજ મુજબ આ પેનોની કુલ કિંમત આશરે ૩૦ લાખ રૂપિયા હોઈ શકે છે. આ મામલે કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ હેઠળ કાર્યવાહી હાથ ધરી મુસાફરની પૂછપરછ કરવામાં આવી રહી છે. ઝડપાયેલા જથ્થામાં વિશ્વની સૌથી મોંઘી અને લિમિટેડ એડિશન પેનનો સમાવેશ થાય છે.

વિસ્કોન્ટી હોમો સેપિયન્સ લંડન ફોગ: આ પેન વિશ્વમાં માત્ર ૮૮૮ પીસ જ બનેલી છે. જેની કિંમત ૮૦ હજારથી એક લાખ રૂપિયાની આસપાસ છે. તે ૨૩ા પેલેડિયમ નિબ અને સ્ટર્લિંગ સિલ્વરથી બનેલી હોય છે.

મોં બ્લા માસ્ટરસ્ટુક લે-ગ્રાન્ડ: ૯૨૫ સ્ટર્લિંગ સિલ્વર બોડી પર 18K સોનાનો ઢોળ ચડાવેલી આ પેન કલેક્ટર્સ માટે દુર્લભ ગણાય છે. બજારમાં તેની કિંમત ૧ લાખથી ૨.૫૦ લાખ રૂપિયા સુધીની છે.

નાકાયા સાકુરા (લિમિટેડ એડિશન): એબોનાઈટમાંથી બનેલી આ પેન પર હાથથી 'માકી-એ' કળા દ્વારા ડિઝાઈન કરવામાં આવે છે. તેની કિંમત ૮૦ હજારથી ૨ લાખ રૂપિયાની વચ્ચે હોય છે.

પાર્કર ડ્યુઓફોલ્ડ મેન્ડરિન: વર્ષ ૧૯૨૭ની પીળા રંગ માટે પ્રખ્યાત પાર્કર ડ્યુઓફોલ્ડ મેન્ડરિન યલો પેન ઉચ્ચ ગુણવત્તાવાળા એક્રેલિક રેઝિન અને ૧૮ct સોનાની નિબથી બનેલી છે. આ આઈકોનિક પેનની કિંમત અંદાજે ૫૦,૦૦૦થી ૯૦,૦૦૦ રૂપિયાની વચ્ચે હોય છે. તેનો ઉપયોગ મુખ્યત્વે પેન કલેક્ટર્સ અને ઉચ્ચ કક્ષાના પ્રોફેશનલ્સ દ્વારા એક કિંમતી સંગ્રહ અને સ્ટેટસ સિમ્બોલ તરીકે કરવામાં આવે છે.

આ પ્રકારની પેન સામાન્ય રીતે ઉચ્ચ અધિકારીઓ, મોટા ઉદ્યોગપતિઓ અને પેન કલેક્ટર્સ દ્વારા 'સ્ટેટસ સિમ્બોલ' તરીકે વાપરવામાં આવે છે.

કસ્ટમ્સ વિભાગ હવે એ તપાસ કરી રહ્યું છે કે આટલી મોટી સંખ્યામાં કિંમતી પેન લાવવા પાછળનો હેતુ શું હતો અને આ કોઈ મોટા સ્મગલિંગ નેટવર્કનો ભાગ છે કે કેમ.

# ગોંડલમાં ગુંદાળા ચોકડીએ ગમખ્વાર અકસ્માત: ટાયર ફાટતાં પીકઅપ પલટી, ૨ના મોત, ૪ લોકો ઈજાગ્રસ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટ-જેતપુર નેશનલ હાઈવે પર ગોંડલની ગુંદાળા ચોકડી પાસે ગત રાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. રાજકોટથી જેતપુર તરફ જઈ રહેલી બોલેરો પીકઅપનું ટાયર ફાટતા ચાલકે કાબૂ ગુમાવ્યો હતો, જેના પરિણામે ગાડી બ્રિજની દીવાલ સાથે અથડાઈને પલટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં ગાડી ઉપર સૂતેલા શ્રમિકો નીચે રોડ પર પટકાતા બે શ્રમિકોના કરૂણ મોત નિપજ્યા હતા, જ્યારે અન્ય ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

મળતી માહિતી અનુસાર, બોલેરો પીકઅપમાં માછીમારીની જાળ અને પાંચ જેટલા ગેસના ખાલી સિલિન્ડર ભરેલા હતા. આ સામાનની ઉપર આશરે ૧૫ જેટલા શ્રમિકો સૂતા હતા. જ્યારે પીકઅપ ગુંદાળા ચોકડી ઓવરબ્રિજ પરથી પસાર થઈ રહી હતી, ત્યારે અચાનક ટાયર ફાટતા ગાડી બેકાબૂ બની હતી અને બ્રિજની સંરક્ષણ દીવાલ સાથે અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે ઉપર સૂતેલા શ્રમિકો હવામાં ફંગોળાઈને સીધા ૩૦ ફૂટ નીચે પટકાયા હતા.

આ ઘટનાને લઈને લોકો સ્થળ પર પહોંચી ગયા હતા. ૧૦૮ની રાહ જોયા વગર ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડી માનવતા દાખવી હતી. આ દુર્ઘટનામાં રીતેષ સહની અને અજાણ્યા શ્રમિકનું મોત નિપજ્યું હતું. જ્યારે ગુલાબ રામબલી સહની,શની અજય સહની, વિકાસકુમાર મીતલેશ સહની અને ચંદન નરેશ માજી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.

ઈજાગ્રસ્તો પૈકી એકની હાલત અત્યંત નાજુક હોવાથી તેને વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. હાલ ગોંડલ સિવિલ હોસ્પિટલ ખાતે ઈજાગ્રસ્તોના પરિવારજનોની ભારે ભીડ જોવા મળી રહી છે. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સાબરકાંઠા જિલ્લાના ઈડરમાં ભાજપ અને અપક્ષ ઉમેદવાર વચ્ચે સંઘર્ષ થતા પોલીસે કરી ૧ ની અટકાયત




પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં લોકો આકરી ગરમી વચ્ચે પણ મતદાન કરતા જોવા મળ્યા હતા અને લોકશાહીના પર્વની ઉજવણી કરતા જોવા મળ્યા હતા. ગુજરાતમાં મહદઅંશે ચુંટણીમાં એકલ દોકલ બનાવોને બાદ કરતા શાંતિપૂર્ણ મતદાન યોજાયુ હતું. આ બધા વચ્ચે જિલ્લાના ઈડર શહેરમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ દરમિયાન નગરપાલિકાની વોર્ડ નં. ૧ માં ઉમેદવારો વચ્ચે અથડામણ થઈ હતી.

મતદાન દરમિયાન રાજકીય તણાવ વધતા, અપક્ષ ઉમેદવાર જયસિંહ તંવર અને સ્થાનિક ભાજપના કાર્યકરો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જેના કારણે આ અથડામણ થઈ હતી. મળતી માહિતી મુજબ ઈડર નગરપાલિકાના ભુતપૂર્વ પ્રમુખ અને હાલમાં અપક્ષ ઉમેદવાર તરીકે ચુંટણી લડી રહેલા જયસિંહ તંવર અને ભાજપના કાર્યકરો વચ્ચે કોઈ મુદ્દા પર વિવાદ થયો હતો. આ વિવાદ ઝડપથી અથડામણમાં પરીણામ્યો હતો. જેના કારણે મતદાન મથક પર તણાવ પૂર્ણ પરીસ્થિતિ સર્જાઈ હતી. ઘટનાની માહિતી મળતા જ પોલીસ તાત્કાલીક ઘટનાસ્થળે પહોચી અને પરિસ્થિતિને કાબુમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. પરિસ્થિતિ વધુ વણસતા તાત્કાલીક ઈડર પોલીસ પહોચી હતી. આ ઘટનાના પગલે બંને પક્ષના કાર્યકરો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા.

ભાજપના કાર્યકરને બચાવવા માટે મોટી સંખ્યામાં કાર્યકરો પણ પોલીસ સ્ટેશને પહોચ્યા હતા. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પોલીસે ૧ વ્યકિતની અટકાયત કરી છે અને વધુ તપાસ હાથ ધરી છે. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે કડક પોલીસ દ્વારા પગલાં લેવામાં આવી રહ્યા છે. પોલીસ દ્વારા અલગ અલગ ટીમો તૈનાત કરવામાં આવી છે. પોલીસતંત્રએ આ ઘટના બાદ કોઈપણ અનિચ્છનીય ઘટના ન બને તે માટે વહિવટી તંત્રને સતર્ક કરવામાં આવ્યુ હતું. શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન થાય તે માટે અલગ અલગ ટીમો તૈનાત કરવામાં આવી હતી અને સતત પોલીસ દ્વારા દેખરેખ રાખવામાં આવી હતી. પરંતુ વહિવટી તંત્ર પરિસ્થિતિને નિયંત્રણમાં રાખવા માટે તાત્કાલીક પગલા લેવામાં આવ્યા હતા. પોલીસે તેની સાથે સાથે મતદાન મથક પર ચાલતા વોટીંગ પર કોઈ વિપરીત અસર ન પડે તેનુ ધ્યાન રાખીને કાર્યવાહી કરવામાં આવી હતી.

# આગ્રાનો પહેલવાન કમરે દોરડું બાંધીને કાર ખેંચીને પ્રેમાનંદ મહારાજના દર્શને વૃંદાવન પહોંચ્યો

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આ જગતમાં અનેક પ્રકારના લોકો છે. કોઈ શ્રધ્ધામાં વિશ્વાસ રાખે છે તો કોઈ અંધશ્રધ્ધા ને કારણે જીવન બરબાદ કરે છે. આમ કબીરજીએ કહ્યું હતું કે ઈસ જગત મે ભાત ભાત કે લોગ. અને એવી જ શ્રધ્ધાનો એક કિસ્સો અત્રે પ્રસ્તુત છે.

વૃંદાવનના જાણીતા સંત પ્રેમાનંદ મહારાજના દર્શન કરવા માટે આગ્રાનો પહેલવાન ગૌરવ ચાહર કમરથી ગાડી ખેંચીને સંત પ્રેમાનંદ મહારાજ ને મળવા માટે ૯૦ કિલોમીટરની યાત્રા પૂર્ણ કરીને રવિવારે વૃંદાવન પહોંચ્યો હતો. ગૌરવનું લક્ષ્ય મહારાજના આશીર્વાદ મેળવવાનું અને યુવાનોમાં શક્તિ અને ભક્તિનો સંદેશ ફેલાવવાનું છે.

ગૌરવ ચાહર વૃંદાવનમાં પ્રેમાનંદ મહારાજના પ્રવચનોથી પ્રભાવિત છે અને તેમની સાથે વ્યક્તિગત રીતે વાત કરવા અને તેમના આશીર્વાદ મેળવવા માંગતો હોવાથી તેણે આગ્રાથી વૃંદાવનની યાત્રા જરા અલગ રીતે કરી હતી. બીજી એપ્રિલે પોતાના વતનથી તેણે યાત્રા શરૂ કરી હતી. તડકા અને ખડકાળ રસ્તાઓથી નિરાશ થયા વિના ગૈરવે પોતાની કમર પર જાડું દોરડું બાંધ્યું હતું. અને ભારેકાર ખેંચવાનું શરૂ કર્યું હતું.

આગ્રાથી વૃંદાવનનું આશરે ૯૦ કિલોમીટરનું અંતર તેણે રવિવારે પૂર્ણ કર્યું હતું. કાર ખેંચીને ગૌરવ વૃંદાવન પહોંચ્યો ત્યારે વાતાવરણ રાધે-રાધેના નારાથી ગુંજી ઊઠયું હતું. સ્થાનિક લોકો અને યાત્રાળુઓની મોટી ભીડ તેને જોવા માટે એકઠી થઈ હતી.

પહેલવાન ગૌરવ ચાહરનો આ પ્રયાસ ફકત રેકોર્ડ બનાવવાનો ન હોતો. પરંતુ યુવાનોને ડ્રગ્સથી દૂર રહેવા અને શારીરિક તંદુરસ્તીને આધ્યાત્મિકતા સાથે જોડવાનો સંદેશ આપવાનો હતો. જોકે ભારે ભીડ અને સુરક્ષા ચિંતાઓને કારણે રવિવારે તે મહારાજને મળી શક્યો ન હોતો. પરંતુ તેનું કહેવું છે કે હું દર્શન કર્યા વિના અને આશીર્વાદ લીધા વિના પાછો નહીં આવું.

# છોટા ઉદેપુર જિલ્લાના વરધી ગામમાં ચુંટણીનો કર્યો બહિષ્કાર : શાળા નહી તો વોટ નહી : વરધી ગામે શિક્ષણ માટે છેડયો જંગ : બપોર સુધી ૦ ટકા મતદાન




પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં કેટલાક ઠેકાણે છુટાછવાયા બનાવો બાદ કરતા એકંદરે મતદાન શાંતિપૂર્ણ રીતે યોજાયુ હતું. ત્યારે છોટા ઉદેપુર જિલ્લાના વરધી ગામમાં થી ચોકાવનારા સમાચારો પ્રાપ્ત થયા હતા.

ગામની પ્રાથમિક શાળાના અધુરા ભવનના વિરોધમાં રોષે ભરાયેલા ગ્રામજનોએ એક સંપ થઈ ચુંટણીનો સામુહિક બહિષ્કાર કર્યો હતો. આશ્ચર્યની વાત એ છે કે આજે મતદાનના દિવસે બપોરે ૧ વાગ્યા સુધી મતદાન મથક પર એક પણ મત પડયો ન હતો. વરધી ગામના લોકોનો આક્ષેપ છે કે છેલ્લા ૪ વરસથી ગામની પ્રાથમિક શાળાના નવા મકાનનુ કામ અધુરુ લટકી રહ્યુ છે. તંત્ર દ્વારા માત્ર પાયા ખોદીને કામ પડતુ મુકી દેવામાં આવ્યુ છે. હાલમાં ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓ માત્ર ૩ ઓરડામાં ભણવા મજબુર બન્યા છે. ચોમાસામાં આ ઓરડાઓમાં પણ પાણી ટપકતુ હોવાથી બાળકોના શિક્ષણ પર માઠી અસર પડી રહી છે. ચુંટણી બહિષ્કારના સમાચાર મળતા જ વહિવટી તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી. ઉચ્ચ અધિકારીઓ તાબડતોબ વરધી ગામે દોડી આવ્યા હતા અને ગ્રામજનોને મતદાન કરવા સમજાવ્યા હતા.

જો કે ગ્રામજનોએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યુ હતુ કે અમને હવે ઠાલા આશ્વાસન નહિ પણ લેખિત બાંહેધરી જોઈએ છે. ગ્રામજનો પોતાની માંગ પર અડગ રહેતા તંત્રની સમજાવટ નિષ્ફળ રહી હતી. એક તરફ સરકાર ભણશે ગુજરાતના નારા આપે છે. તો બીજી તરફ વરધી ગામના લોકોએ શિક્ષણ જેવી પાયાની સુવિધા માટે લોકશાહીના પર્વનો ત્યાગ કરવો પડયો છે. શિક્ષણ માટે આટલી હદે જાગૃત અને આક્રમક બનેલા ગ્રામજનો હવે કયારે મતદાન કરશે કે પછી આખુ ગામ મતાધિકારથી વંચિત રહેશે તે હવે જોવુ રહ્યું.

# બાળલગ્નો રોકવા કંકોત્રી પર કન્યા અને વરરાજાની જન્મતારીખ લખવી ફરજિયાત બનાવો

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

મહારાષ્ટ્ર સ્ટેટ કમિશન ફોર પ્રોટેકશન ઓફ ચાઈલ્ડ રાઈટ્સે રાજય સરકારને બાળલગ્નો રોકવા માટે લગ્નની આમંત્રણપત્રિકા પર કન્યા અને વરરાજાની જન્મતારીખ લખવાનું ફરજિયાત કરવું જોઈએ એવું સૂચન કર્યું છે.

કમિશને કહ્યું હતું કે બાળ લગ્નો અને બાળકોના જાતીય શોષણને રોકવા માટે રાજયભરમાં જાગૃતિ અભિયાનો વધુ તીવ્ર બનાવવા જોઈએ. રાજસ્થાનની જેમ લગ્નની આમંત્રણપત્રિકા પર કન્યા અને વરરાજાની જન્મતારીખનો ઉલ્લેખ ફરજિયાત બનાવવા માટે રાજય સરકારને ભલામણ કરવાનો પણ કમિશને નિર્ણય લીધો છે. પેનલે સોલાપુર જિલ્લામાં નોંધાયેલા ટીનેજર છોકરીના માતા બનવાના શંકાસ્પદ કેસોની સંયુકત તપાસનો આદેશ આપ્યો છે અને આ મુદ્દાને બાળઅધિકારોનું ગંભીર ઉલ્લંઘન ગણાવ્યું છે.

# વરધી બાદ મહેસાણા જિલ્લાના દેલા ગામનો ચુંટણી બહિષ્કાર: સવાર થી સાંજ સુધી એક પણ મત ન પડયો




પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

મહેસાણા નગરપાલિકાના વોર્ડ નં. ૪ માં આવતા દેલા ગામના લોકોએ સ્થાનિક સ્વરાજયની ચુંટણીનો સંપૂર્ણપણે બહિષ્કાર કર્યો હતો. સવાર થી બપોર સુધીમાં મતદાન મથક પર એકપણ મત ન પડતા વહિવટી તંત્રએ દોડધામ મચાવી મુકી હતી. આ બહિષ્કારનુ કારણ મહાનગરપાલિકામાં સમાવેશ અને ટીપી સ્કીમ સામેનો વિરોધ છે.

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ માટે આજે રવિવારે સવારે ૭ વાગ્યાથી મતદાન શરૂ થયુ હતું. તો બીજી તરફ મહેસાણા જિલ્લાના દેલા ગામના બંને બુથમાં ૦૦ મતદાન નોંધાતા પ્રાંત અધિકારી ઉર્વીશભાઈ અને મદદનીશ ચુંટણી અધિકારીએ ગ્રામજનો સાથે મુલાકાત કરી હતી. અધિકારીઓએ લોકોને સમજાવવાનો પ્રયાસ પણ કર્યો હતો. છેલ્લા ૭ મહિનાથી દેલા ગામ સહિત અન્ય કેટલાક ગામડાઓને મહેસાણા મનપામાં સમાવવા બદલ ભારે વિરોધ ચાલી રહ્યો છે. દેલા ગામમાં ટાઉનપ્લાનીંગ સ્કીમ લાગુ પડતા ખેડુતોની કિંમતી જમીન કપાતમાં ગઈ છે. જેના સીધા વિરોધમાં ગામલોકોએ ચુંટણીથી અડગા રહેવાનો નિર્ણય લીધો હતો. મળતી માહિતી અનુસાર દેલા ગામમાં અંદાજે ૧૭૦૦ જેટલા મતદારો હોવા છતાં બહિષ્કારના કારણે કોઈએ પણ મતાધિકારનો ઉપયોગ કર્યો ન હતો. પોતાની પડતર માંગણીઓ અંગે આજે ગુજરાત સ્થાનિક સ્વરાજયની ચુંટણીના દિવસે ગામ લોકોએ ૦ વોટીંગ કરીને પોતાનો રોષ વ્યકત કર્યો હતો. તો બીજી તરફ ચુંટણી બહિષ્કાર અંગે દેલા ગામના પૂર્વ સરપંચ કિરણ ચૌધરીએ સ્પષ્ટપણે જણાવ્યુ હતુ કે આ ગામને મહેસાણા નગરપાલિકામાં જોડવાનુ ન હતુ અને આખા મુદે છેલ્લા ૭ મહિનાથી હાઈકોર્ટમાં કેસ પણ ચાલી રહ્યો છે. હાઈકોર્ટમાં કેસ પડતર હોવા છતાં ગામને પાલિકામાં ભેળવી દેવામાં આવ્યુ છે.

# અમરેલીમાં ઉર્જા મંત્રી કૌશિક વેકરીયાએ પરીવાર સાથે કર્યુ મતદાન : ભાજપ જીતનો વ્યકત કર્યો વિશ્વાસ




પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

અમરેલી જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીને લઈને ઉત્સાહપૂર્ણ માહોલ જોવા મળ્યો હતો. જિલ્લાની કુલ ૪૪ જિલ્લા પંચાયત બેઠકો અને અમરેલી તાલુકા પંચાયતની ૧૮ બેઠકો માટે મતદાન યોજાયુ હતું. આ દરમિયાન ગુજરાત રાજયના ઉર્જા મંત્રી કૌશિક વેકરીયા પરીવાર સાથે દેવરાજીયા ગામે આવેલ મતદાન મથકે મતદાન કરવા પહોચ્યા હતા. મતદાન સમયે ગામની મહિલા અને પુરુષ મતદારો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને મંત્રી સાથે જોડાઈ મતદાન પ્રક્રિયામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ગામમાં ઉત્સવ જેવો માહોલ સર્જાયો હતો. જયાં ગ્રામજનો વાગતે ગાજતે મતદાન મથકે પહોચતા નજરે પડયા હતા. ઉર્જા મંત્રી વેકરીયાએ જણાવ્યુ હતુ કે લોકશાહીમાં મતદાન એક પવિત્ર ફરજ છે અને દરેક મતદારોએ તેનો નિર્ભયતાપૂર્વક ઉપયોગ કરવો જોઈએ. તેમણે વિશ્વાસ વ્યકત કર્યો હતો કે સમગ્ર અમરેલી જિલ્લામાં ભારતીય જનતા પાર્ટીનુ કમળ ખીલશે અને વિકાસના મુદ્દાઓ પર જનતા ભાજપને સમર્થન આપશે. મતદાન દરમિયાન શાંતિપૂર્ણ અને વ્યવસ્થિત માહોલ જોવા મળ્યો હતો. જયારે મતદારોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

# અમારે મતદાન કયાં કરવાનું ? વોટર સ્લીપ ન મળતા કામરેજના ૪૦૦ મતદારો મતદાનથી વંચિત



પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓનુ આજે મતદાન થઈ રહ્યુ છે. એક તરફ ચુંટણીપંચ અને વહિવટી તંત્ર ૧૦૦ ટકા મતદાનનો પ્રચાર કરી રહ્યા છે. તો બીજી તરફ સુરત જિલ્લાના કામરેજ વિસ્તારની રામદેવ સોસાયટીમાં લોકોનો વિરોધ જોવા મળ્યો હતો. સોસાયટી ના આશરે ૪૦૦ મતદારોને અત્યાર સુધી વોટર સ્લીપ મળી જ નથી અને તેઓને પોતાના મતદાન મથકની પણ કોઈ જાણકારી નથી.

સોસાયટીના રહીશોએ આજે રવિવારે મતદાનના દિવસે જ એકઠા થઈને વિરોધ દર્શાવ્યો હતો અને સ્લીપ આપો...સ્લીપ આપોના નારા લગાવ્યા હતા. તેમણે જણાવ્યુ હતુ કે અમારી સોસાયટીમાં ૪૦૦ થી વધુ મતદારો છે. અત્યાર સુધી કોઈપણ રાજકીય પક્ષના ઉમેદવાર કે કાર્યકર આવ્યા નથી. અમને વોટર સ્લીપ પણ નથી મળી, અમને ખબર જ નથી કે અમારે મતદાન કયાં કરવાનુ છે. આ ઘટનાની ચુંટણી તંત્ર અને રાજકીય પક્ષોની જમીની હકીકતોને ઉજાગર કરે છે. ચુંટણીપંચ તરફથી વારંવાર ૧૦૦ ટકા મતદાનના લક્ષ્યાંક અને જાગૃતિ અભિયાનના દાવા કરવામાં આવે છે.

પરંતુ વિકસિત ભારતમાં આવેલી આ સોસાયટીમાં મતદારોને માહિતી અને સ્લીપના અભાવે મતદાન કરવામાં અડચણ ઉભી થઈ હતી. સ્થાનિકોના કહેવા પ્રમાણે રાજકીય પક્ષોની ઉદાસીનતા અને તંત્રની બેદરકારીને કારણે આ સ્થિતિ ઉભી થઈ છે. આ ઘટના સુરત જિલ્લામાં મતદાન જાગૃતિ અને વ્યવસ્થાના અભાવને લઈને ચર્ચાનુ કેન્દ્ર બની ગઈ હતી. અત્યારે મતદારો તાત્કાલીક સ્લીપ અને મતદાન મથકની માહિતી ની માંગ કરવામાં આવી હતી. જેથી તેઓ પોતાનો મતાધિકાર નિભાવી શકે.

# ભાવનગર જિલ્લાના મહુવામાં ૩ હજાર થી વધુ મતદારોએ મતદાનનો કર્યો બહિષ્કાર




પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના ઉમણીયાવદર ગામે સ્થાનિક સ્વરાજયની ચુંટણીના મતદાનનો ૩ હજાર થી વધુ લોકોએ બહિષ્કાર કર્યો હતો. ગામના લોકો દ્વારા ઝીબ્રા ક્રોસિંગ અને અંડરબ્રિજ બનાવવાની લાંબા સમયથી ચાલી આવતી માંગ પુરી ન કરાતા તેમણે મતદાન આપવા ન જઈને તેનો બહિષ્કાર કર્યો હતો. ગ્રામજનોના જણાવ્યા મુજબ અંડરબ્રિજ અને ઝીબ્રા ક્રોસિંગને લઈને માંગ કરવામાં આવી હતી. જે પુરી ન થઈ શકતા તેમણે નિર્ણય લીધો હતો. મળતી માહિતી મુજબ ગ્રામજનોએ અગાઉ પણ બ્રિજ બનાવવાની માંગ લેખિતમાં રજુ કરી હતી. પરંતુ સમસ્યાનો ઉકેલ ન આવતા તેઓમાં અસંતોષ ફેલાયો હતો. જેના પગલે ગામના અંદાજે ૩ હજાર થી વધુ મતદારો મતદાનથી વંચિત રહ્યા હતા. ઘટનાની જાણ થતા ચુંટણી અધિકારીઓ ગામે પહોચી ગ્રામજનોને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ ગ્રામજનોએ પોતાની માંગ પર અડગ રહી મતદાનમાં ભાગ ન હતો લીધો. આ ઘટનાએ સમગ્ર જિલ્લામાં ચર્ચા જગાવી છે.

આ ઉપરાંત ગ્રામજનોએ જણાવ્યુ હતુ કે મુળભુત સુવિધાઓના અભાવે રોજીંદા જીવનમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે અને અનેક વખત રજુઆત કરવા છતાં યોગ્ય કાર્યવાહી કરવામાં આવી નથી. તેઓએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ હતુ કે માંગણીઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી આ પ્રકારનો વિરોધ ચાલુ રહેશે. કામમાં શાંતિપૂર્ણ રીતે બહિષ્કાર રાખવામાં આવ્યો હતો. પરંતુ સરકારી તંત્ર માટે આ ઘટના ચિંતાનો વિષય બન્યો છે.

# ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓનો ગરમાયો માહોલ : બપોરે ૩ વાગ્યા સુધીમાં નોંધાયુ ૪૦ ટકા મતદાન : મતદારોમાં ભારે ઉત્સાહ



પ્રતિનિધિ,ગાંધીનગર

આજે રાજયભરમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણી માટે ઉત્સાહભેર મતદાન થયુ હતું. કુલ ૯,૨૯૨ બેઠકો માટે ૨૫,૫૭૯ ઉમેદવારો વચ્ચે સીધી ટકકર જોવા મળી હતી. જયારે ૭૩૦ ઉમેદવારો પહેલેથી જ બિનહરીફ જાહેર થઈ ચુકયા છે.

રાજયમાં કુલ ૪ કરોડ ૧૮ લાખ થી વધુ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરતા જોવા મળ્યા હતા. તેમાં ૧૫ મહાનગરપાલિકાઓમાં ૧ કરોડ, ૧૦ લાખ થી વધુ ૮૪ નગરપાલિકાઓમાં, ૩૩ લાખ ૬૬ હજાર અને વિવિધ પંચાયતોમાં રૂપીયા ૨ કરોડ ૭૪ લાખ થી વધુ મતદારોનો સમાવેશ થાય છે. ખાસ વાત એ છે કે ૯ નવી મહાનગરપાલિકાઓમાં પ્રથમ વખત મતદાન યોજાયુ હતું. ઉપરાંત ૩૪ જિલ્લા અને ૨૬૦ તાલુકા પંચાયતોમાં પણ મતદારો ઉત્સાહપૂર્વક મતદાન કર્યુ હતું. ૧૫ મહાનગરપાલિકાનુ ૩ વાગ્યા સુધીમાં ૩૨ ટકા મતદાન નોંધાયુ હતું. ૮૪ નગરપાલિકાઓનુ ૩ વાગ્યા સુધીનુ મતદાન ૪૧ ટકા , ૩૪ જિલ્લા પંચાયતોનુ ૩ વાગ્યા સુધીનુ મતદાન ૪૪ ટકા રહ્યુ હતું. ૨૬૦ તાલુકા પંચાયતોનુ ૩ વાગ્યા સુધીનુ મતદાન ૪૪ ટકા, કુલ સરેરાશ ૪૦ ટકા મતદાન નોંધાયુ હતું.

સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. મોરબી મનપામાં સૌથી વધુ ૩૯.૮૦ ટકા મતદાન નોંધાયુ હતું. તો બીજી તરફ પોરબંદરમાં સૌથી ઓછુ ૨૪.૩૭ ટકા મતદાન નોંધાયુ હતું. નવસારી ૩૯.૫૮ અને વાપી માં ૩૯ ટકા મતદાન નોંધાયુ હતું. નડીયાદમાં ૩૮.૬૨ ટકા અને કરમસદ- આણંદ માં ૩૭.૯૫ ટકા મતદાન નોંધાયુ હતું. બપોરે ૩ વાગ્યા સુધીમાં મતદાનની વાત કરીએ તો (૧) નવસારી ૫૦.૭૮ ટકા (૨) વાવ-થરાદ ૪૯.૫૪ ટકા (૩) છોટા ઉદેપુર ૪૮.૦૬ ટકા (૪) વલસાડ ૪૪.૫૧ ટકા (૫) જામનગર ૪૪.૪૧ ટકા (૬) વડોદરા ૪૪.૩૮ ટકા (૭) ખેડા ૪૪.૩૪ ટકા (૮) આણંદ ૪૩.૮૬ ટકા (૯) નર્મદા ૪૩.૬૯ ટકા (૧૦) સુરત ૪૩.૩૬ ટકા (૧૧) મહેસાણા ૪૨.૨૯ ટકા (૧૨) તાપી ૪૨.૧૬ ટકા (૧૩) મોરબી ૪૦.૩૨ ટકા (૧૪) અમદાવાદ ૩૯.૭૮ ટકા (૧૫) ગાંધીનગર ૩૯.૪૧ ટકા (૧૬) અરવલ્લી ૩૮.૭૬ ટકા (૧૭) પાટણ ૩૮.૪૩ ટકા (૧૮) ભરૂચ ૩૭.૭૪ ટકા (૧૯) સાબરકાંઠા ૩૭.૬૧ ટકા (૨૦) ગીર સોમનાથ ૩૬.૯૪ ટકા (૨૧) દેવભુમિ દ્વારકા ૩૬.૬૧ ટકા (૨૨) બનાસકાંઠા ૩૬.૩૫ ટકા (૨૩) દાહોદ ૩૬.૦૩ ટકા (૨૪) કચ્છ ૩૫.૯૯ ટકા (૨૫) સુરેન્દ્રનગર ૩૫.૮૧ ટકા (૨૬) અમરેલી ૩૫.૨૧ ટકા (૨૭) જુનાગઢ ૩૪.૯૬ ટકા (૨૮) ભાવનગર ૩૪.૬૪ ટકા (૨૯) પંચમહાલ ૩૪.૨૦ ટકા (૩૦) બોટાદ ૩૧.૩૩ ટકા (૩૧) રાજકોટ ૨૭.૭૮ ટકા મતદાન નોંધાયુ હતું.

# રાજકોટમાં ફનબ્લાસ્ટ ગેમઝોનમાં ભીષણ આગ

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટના પોશ વિસ્તાર ગણાતા કાલાવડ રોડ પર આવેલા ફનબ્લાસ્ટ ગેમઝોનમાં આજે(૨૬ એપ્રિલ) અચાનક ભીષણ આગ ફાટી નીકળતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આજે રવિવાર હોવાથી અને વેકેશનનો સમય હોવાને કારણે ગેમઝોનમાં મોટી સંખ્યામાં બાળકો અને પરિવારો મનોરંજન માટે ઉમટી પડ્યા હતા. આગની જ્વાળાઓ અને ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી દેખાતા લોકોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. આગ લાગતાની સાથે જ અંદર રહેલા લોકોમાં નાસભાગ મચી ગઈ હતી અને જીવ બચાવવા માટે લોકો બહાર તરફ દોડ્યા હતા. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, આ આગ કયા કારણોસર લાગી તે હજુ સ્પષ્ટ થયું નથી, પરંતુ પ્રાથમિક અનુમાન મુજબ શોર્ટ સર્કિટના કારણે આ દુર્ઘટના ઘટી હોવાનું મનાય છે. સદનસીબે, હજુ સુધી આ ઘટનામાં કોઈ જાનહાનિ કે ગંભીર ઈજાના સમાચાર પ્રાપ્ત થયા નથી, જે ખૂબ જ રાહતની વાત છે. ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરી હતી. ગેમઝોનમાં આગ લાગતા તમામ લોકોનું રેસ્ક્યુ કરાયું હતું.